BLUCHIP INVESTMENTS GJ VOL.27 ISSUE NO. 34

ગુજરાતનું સૌપ્રથમ
અદ્વિતિય ગુજરાતી
આર્થિક સાપ્તાહિક

# બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટસ

કિંમત ₹50 | Pages : 16

20 TO 26 JUNE 2022 | AHMEDABAD | Year : 30th | Editor : Yogesh K. Shah

## શ્યોર શોટસ - એચ. રાઠોડ

**આરઆઈટીઈએસ :** રેલ્વે ક્ષેત્રની આ કંપનીના શેરનો ભાવ ૨૩૦ જેવો છે. કંપનીને તાજેતરમાં રેલ્વેનો ૪૫૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. બજાર વધતાં નવા સપ્તાહમાં આ શેરનો ભાવ ઉપરમાં ૨૫૦/૨૬૦ જેવો જોવાય.

**ગુજ ફર્ટીલાઈઝર :** હાલ આ શેરનો ભાવ ૧૬૫ વાળો ૧૨૮ જેવો પ્રવર્તે છે. સરકારે સબસીડી જાહેર કરતાં ફાયદો થવા વકી છે. ટુંકમાં ૧૫૦/૧૬૦નો ભાવ જોવાય.

**બેંક ઓફ બરોડા :** તાજેતરની બેંક શેરોની મંદીને પગલે ભાવ ૧૧૮ વાળો ઘટી ૯૬ જેવો છે. કંપનીએ ૧૦ પેઈડ શેર પર ૨૮.૫૦ ટકા વ્યાજ આપેલ છે. ઉપરમાં ફરી ૧૧૦/૧૧૫નો ભાવ જોવાય. હાલના ભાવે આ શેરમાં ખરીદી વેલ્યુબાય બને.

**સિટી યુનિયન બેંક :** હાલ ૧૩૦ ભાવ છે. આ શેરની બુકવેલ્યુ ૯૦ જેટલી આકર્ષક વેલ્યુએશને હાલ મળી રહ્યો છે. નજીકમાં ૧૪૫/૧૫૦નો ભાવ બતાવે.

**એનએમડીસી :** મેટલ શેરોની મંદીને પગલે આ શેરનો ભાવ ૨૦૦ વાળો ગગડીને ૧૦૦ જેવો છે. વર્તમાન ભાવે આ શેરમાં રોકાણ વેલ્યુબાય બને. ઉપરમાં નજીકમાં ૧૨૫થી ૧૩૦ નો ભાવ જોવાય.

**વિપ્રો :** આઈટી ક્ષેત્રની અગ્રણી આ કંપનીનો શેર વર્તમાન મંદીમાં ૫૪૦ વાળો ૪૦૫ આસપાસ છે. આ શેરમાં હવે ઓછા જોખમે રોકાણ કરવું હિતાવહ છે. ઉપરમાં ૪૨૫/૪૫૦નો ભાવ બજાર સુધરતાં જોવાય.

**ઈન્ડસન્ડ. બેંક :** ૧૧૦૦વાળો ભાવ હાલ બેંક શેરોની મંદીને પગલે ઘટી ૮૫૦ જેવો છે. બજાર વધતાં નજીકમાં ૯૦૦/૯૨૫નો ભાવ બતાવે.

**ફોર્સ મોટર્સ :** આ શેર ૧૧૦૦૦ની ઉંચામાં સપાટી બાદ હાલ નીચામાં ૯૭૫ના મથાળે મળે છે. પ્રત્યાઘાતી ઉછાળામાં ૧૦૦૦/૧૦૫૦નો ભાવ જોવાય.

**વિધિ ફૂડ :** આ કંનીની વ્યાપક આવક ડોલરમાં છે. ડોલરના ભાવો વધી રહ્યા છે. તેનો ફાયદો થાય. હાલ ૩૫૫ ભાવ છે. ૩૭૫/૪૦૦નો ભાવ બતાવે.

**ટીન પ્લેટ :** ૧૫૦૦ કરોડનું વિસ્તરણ સાથે ઉત્પાદન ક્ષમતા વધારી રહી છે. ભાવ ૩૨૩ જેવો છે. નજીકમાં ૩૭૫/૪૦૦ બતાવે.

**ફોકસ લાઈટીંગ :** ૯૨ જેવો ભાવ છે. માલ ભેગો થઈ રહ્યો છે. ગમે ત્યારે ભળતી તેજી સાથે ૧૦૫/૧૧૦નો ભાવ ૯૭ ઉપર જોવાય.

# બજાર મંદીના કડાકાના અંતિમ દોરમાં

## સેન્સેકસ ૫૧૯૪૫ના પ્રતિકારે ૫૦૫૪૫ તૂટતાં ૪૯૯૧૫ તથા નિફટી ૧૫૫૧૫ના પ્રતિકારે ૧૫૦૮૫ તૂટતાં ૧૪૮૮૫ બતાવે

### સ્ટોકવેવ

યોગેશ શાહ

વિશ્વને ધમરોળી રહેલા ફૂગાવાના રાક્ષસ હવે વિશ્વની અર્થવ્યવસ્થાને ડામાડોળ કરવાનું શરુ કરી દીધું છે. જેમાંથી ભારત બાકાત નહીં રહી હવે દુષ્ટ પરિણામો દેખાવા લાગ્યા છે. હોલસેલ ફૂગાવો ઝડપી વધવા સાથે લોકોના ઘરના બજેટ ડામાડોળ થતાં ખરીદી શક્તિ ઘટી ગઈ હોવાથી હવે કંપનીઓના, ઉદ્યોગોના વેચાણો જૂન અંતના કવાર્ટરમાં ખરાબ દે ખાવા લાગશે, પરંતુ અમેરીકા પાછળ અત્યારે વૈશ્વિક બજારોમાં છેલ્લા સપ્તાહમાં થયેલા મંદીના તોફાન બાદ હવે બજારમાં મંદીનો અતિરેક શરુ થયો છે. જેથી બજારમાં આવનારા પખવાડિયામાં આવનારો ઘટાડો બજારને બોટમ આઉટની નજીક લાવી દેશે. જેથી હવે મંદીના મોટા વેપારથી ઘટાડે સાવચેત થઈ જવું. મોટા ફંડો અને ખેલાડીઓ મંદી, મંદી, મંદીનો માહોલ ઉભો કરી એકાએક બજારને ખેંચી નાખશે. બજાર ઉછાળા બતાવાના શરુ કરે પરંતુ આ લેવલ નજીક બે-તરફી મોટું તોફાન મચાવી ફંડો તેમના વેચાણો કાપવાનો વ્યૂહ અપનાવશે.

પરંતુ હજી ૧૪૮૨૫નું લેવલ એ મજબૂત સપોર્ટ ટુંકાગાળાની માની ઘટાડે ખરીદીની શરુઆત કરવી. અલબત ખરીદી માટે હજુ તાબડતોડ ઉતાવળ કર્યા વિના ફોકસ સેન્સેકસ અને નિફટીના ફ્રન્ટલાઈન શેરો પર મર્યાદિત રાખવું. ફંડો હજુ સ્મોલ-મીડકેપ શેરો પેનિક લાવતા જોવાશે.

સેન્સેકસ (૫૧ ૩૬૦) : સેન્સેકસ ૫૧૯૪૫ના પ્રતિકારે ૫૦૫૪૫ની તૂટતાં ૪૯૯૧૫ બતાવે.

નિફટી (૧૫૨૯૩) : નિફટી ૧૫૫૧૫ના પ્રતિકારે ૧૫૦૮૫ તૂટતાં ૧૪૮૮૫ બતાવે.

# નિફટી નીચામાં ૧૪૯૦૦ નીચે બંધ આવે તો તેજીની ચાલ પુરી અને નવેસરથી ખરાબી જોવા મળે : જે શક્યતા હાલમાં નથી દેખાતી



### બાજ નજરે

**દિપક સોદાગર**

07666747902

E-mail : sdg5Paisa@gmail.com

**તમે દરેક બાબતમાં સારા બની શકતા નથી. તમે કેટલીક બાબતોમાં શ્રેષ્ઠ અને ૧ વસ્તુમાં અસાધારણ બની શકો છો.. અસાધારણ બનવાનો પ્રયત્ન કરો! "હાથ છોડવો સહેલો હોય છે..!! પકડી રાખવા મા જ તકલીફ થાય છે....."**

**ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ:** બંધ ગુરુવારે જાન્યુઆરી ૨૦૨૧ પછી પ્રથમ વખત મુખ્ય ૩૦,૦૦૦ સ્તરની નીચે ગબડ્યો કારણ કે રોકાણકારોને ચિંતા હતી કે ફુગાવાને કાબૂમાં લેવા માટે ફેડરલ રિઝર્વનો આક્રમક અભિગમ અર્થતંત્રને મંદીમાં લાવશે. ફેડ દ્વારા ૧૯૯૪ પછીના તેના સૌથી મોટા દરમાં વધારો જાહેર કર્યા પછી બુધવારે બજારોમાં તેજી આવી હતી, પરંતુ તે વધુ વખત તાકી નહિ શક્યા.દીધા હતા અને પછી કેટલાક ગુરુવારે. ડાઉ ૨.૪૨% અથવા ૭૪૧.૪૬ પોઈન્ટ ઘટીને ૨૯,૯૨૭.૦૭ પર, જ્યારે S&P ૫૦૦ ૩.૨૫% ઘટીને ૩,૬૬૬.૭૭ પર આવ્યો. નાસ્ડેક કમ્પોઝિટ ૪.૦૮% ઘટીને ૧૦,૬૪૬.૧૦ પર પહોંચ્યું અને સપ્ટેમ્બર ૨૦૨૦ પછીના તેના સૌથી નીચા સ્તરને સ્પર્શ્યું.

હાલમાં જે રીતે નિફ્ટીમાં વધઘટે થઇ રહી કે **નિફ્ટી બંધ ૧૫૩૪૮:** નિફ્ટી ૫.૧૪ ૩૦ ટકાના ઘટાડા સાથે ૧૩૪૮ ની બોટલ સપાટી બતાવો પાછલાં બે સપ્તાહથી ઘટવાની ઝડપ વધી રહી છે અને ગયા સપ્તાહમાં ઊંચા મથાળેથી ઘટાડો જોવાયો છે તાજેતરની ૧૮૧૧૩ ઊચી સપાટીથી સળંગ ઘટાડો ૨૯૦૦ ૬૫.૫ અથવા તો ૧૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જે આશરે ૧૦ સપ્તાહમાં જોવાયો છે તે પૂર્વે વચમા ૧૧૮૦૦ આસપાસ ટેકાની સપાટી આપી અને ૧૬૬૩૦ વચગાળાની ઊંચી સપાટી પણ જોવા મળી આમ હવે વધુ ઘટે ૧૪૭૦૦ આસપાસ ની સપાટી અવાશે બજારને ટેકો મળે તેવું ગણિત નીકળે છેનિફ્ટી ની દૈનિક આર એસ આઈ અતિશય વેચાણવાળી સ્થતિમાં છે. એફ એન ઓ માં એફ આઈ આઈ બાયર થઈ ચુકી છે. અને નીચામાં મંદી ગેપ માં ખુલે અથવા નરમાઈ જોવાય તો પણ એક ઝડપી સુધારો જોવા મળે.

અનુસંધાન પાના નં. ૨ ઉપર

Rhetan® TMT
SYMBOL OF STRENGTH

## દીપક સોદાગર અનુસંધાન પહેલા પાનાનું...







★માર્કેટમાં બોટમ શોધવી તે એ તીવ્ર પ્રસૂતિ પીડા સાથે પ્રસૂતિ કરવા જેવું છે. તમે જાણો છો કે તે ક્યારે થવાનું છે પરંતુ ચોક્કસ તારીખને નિર્દેશિત કરી શકતા નથી. આવનારા દિવસોમે નિફ્ટી હવે ૧૫૨૦૦ સામે અથવા નીચામાં ૧૪૯૦૦ ના સ્ટોપ થી ખરીદવાનું વિચારાય. ૧૫૪૫૦ અગત્યની પ્રતિકાર રેખા સમજવી. રૂ ૧૫૪૫૦ ઉપર જતા ૧૫૬૨૫ અને ૧૫૮૭૬ જોવા મળી શકે છે.

નીચામાં ૧૪૯૦૦ નીચે બંધ આવે તો તેજીની ચાલ પુરી અને નવેસરથી ખરાબી જોવા મળે. જે શક્યતા હાલમાં નથી દેખાતી.

ગયા વીકમાં નિફ્ટી આલ્ફા -૧૦ %, અને ૬ % થી વધારેનો ઘડાડો નિફ્ટી મેટલ -૮.૮૫%, સી, પી એસ ઈ -૮.૭૭ %, જાહેર એકમો -૮.૨૯%, મિડકેપ -૮.૨૦%, ઓઈલ એન્ડ ગેસ -૭.૯૮%, આઈ ટી -૭.૮૮%, સ્મલકેપ -૭.૮૦%, મીડિયા -૭.૨૬%, કોમોડિટી -૭.૨૧%, ENGERGY -6%. ટૂંકમાં જાતેજાતમાં નરમાઈનો દોર જોવા મળેલ છે.

બજાર ચાર્ટને આધારે તો તેજીની ચાલ ખરડાઈ ગઈ છે અને તે વાતને સતત ૧૫મી જાન્યુઆરીથી જણાવતા આવ્યા છીએ અને ગયા વીકમાં પણ સ્પષ્ટ ખરાબીના સંકેત આપેલા. હાલમાં ટેક્નિકેલી તો બધી અગત્યની બોટમ તોડી છે અને હજી પરિસ્થિતિ પ્રવાહી છે. ચાર્ટતો નબળો છે પરંતુ રાજકીય સ્થિતિ પણ નબળો છે. વિશ્વમાં પણ ચારે બાજુ અરાજકતા, યુદ્ધ અને મોંઘવારી માજા મૂકી રહી છે. તો અધૂરામાં પૂરું ગ્રહોની ચાલ પણ નકારાત્મ જણાય છે. હવેના આવનારા ૨ થી ૩ મહિના ખુબજ કપરા અને ટેસ્ટિંગ ટાઈમ નો કહી શકાય. દરેક સારા અને નરસા માણસોના સ્વભાવ પરખાસે, ટેસ્ટ થઈ જશે. ટૂંકમાં કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ અને તે જેટલો શાંતિ થી અને સંયમથી પસાર કરસો તો "સૂળીનો ઘા સોયથી જશે".

આ સમય બોટમ શોધવાનો નથી. જયારે સળગતું લાકડું પડતું હોય ત્યારે તેને પકડવાનો વ્યર્થ પ્રયાસ ના કરાય. ૧૭૫૦૦ થી બધા એવરેજ કરવા, બાય ઓન ડેકલાઈન અને ખરીદવા ભલામણ થાય છે. પરંતુ તે પછી પણ નવા નીચા ભાવ જોવા મળી રહ્યા છે. "અત્રેથી અમે પણ સારી કંપનીની ભલામણ કરીયે છે અને અમારી ભલામણ કરેલ કંપનીના ભાવ પણ ઘટે છે તેમાં અમે પણ બાકાત નથી." જયારે પ્રવાહજ નરમ હોય ત્યારે સૂકા ભેગું લીલું પણ બળે પરંતુ બજાર જયારે થાળે પડે અને સુધારવા લાગે ત્યારે સારી કંપનીના ભાવ ઝડપથી પોતાના ઊંચા ભાવે મેળવી લેછે. અને એટલેજ અતિ સારી કહી શકાય તેવીજ કંપનીની ભલામણ અને તે પણ ટુકડે ટુકડે કરીયે છીએ.

**૨૦૦૦ થી નિફ્ટી પર વિશ્લેષણ:**

હાલમાં નિફ્ટી માં જે રીતે વધઘટ થઈ રહી છે તે જોતા ભુતકાળમાં કયા પ્રકારની ચાલ જોવા મળી હતી તેનું વિશ્લેષણ કરીએ .

દર વખતે જ્યારે નિફ્ટીએ ઊંચી ઊંચી સપાટી બનાવી છે અને ૨૦ EMAની નીચે બંધ થઈ છે, ત્યારે તે ૫૦ ઈસ્છને મળવાનો પ્રયાસ કરે છે અને ઉચ્ચ નીચી સપાટી બનાવી છે. વર્ષ ૨૦૦૦ થી તેણે ૭ ઊંચા અને નીચા લેવલ બનાવ્યા છે અને દરેક વખતે તે ઉચ્ચ ઊંચાઈથી ઓછામાં ઓછા ૨૫% ઘડાડો જોવા મળેલ છે. (જ્યારે પણ નીચે અથવા ૨૦ EMAની આસપાસ બંધ થાય છે). ૨૫% ના સૌથી નીચા ટ્રેક્શનને ધ્યાનમાં લેતા, જો નિફ્ટી માસિક ટાઈમ ફ્રેમ પર ૨૦ EMAની નીચે બંધ થાય તો ૫૦ EMA (સાપ્તાહિક TF પર ૨૦૦ EMA માટે સમાન) ના આધારે નિફ્ટી ૧૩૯૦૦ ની આસપાસ સ્પર્શી શકે છે અથવા તે ૧૩૫૦૦-૬૦૦ને સ્પર્શી શકે છે. ઉપરોક્ત વિશ્લેષણનું વધુ એક સકારાત્મક પરિણામ એ છે કે, દરેક ટોપ અને બોટમ પછી જે નવી તેજીની શરૂઆત થાય છે ત્યારે નીચા બજારે ૩ થી ૪ વર્ષના સમયગાળામાં ઉચ્ચ નીચાથી ઓછામાં ઓછા ૮૨% ના વધારા દ્વારા નવી ઊંચી ઊંચી સપાટી આપી છે. તેથી, જો બોટમ ૧૩૬૦૦-૧૩૯૦૦ની આસપાસ કરવામાં આવે તો વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં નિફ્ટી ૨૫૦૦૦ની આસપાસ પહોંચી શકે છે.

**લોરસ લેબ્સ સીએમપી** ૪૬૭ જે તેની અગાઉની નીચી સપાટી ૪૪૦ હતી તેની મળવા જઈ રહી છે. સાપેક્ષ રીતે સારી વૃદ્ધિની શક્યતા અને વૈવિધ્યકરણ તરફના તાજેતરના પગલાં આ સ્ક્રીપ પર ઈન્વેસ્ટમેન્ટ માટે ધ્યાનમાં રાખી શકાય. હાલમાં ચાર્ટનું સેટઅપ તેજી તરફી નથી આથી ઘટવાની અને બોટમ બનાવીં રાહ જોવી જોઈએ તેવું માનવું છે. અલબત્ત કંપનીની કેટલીક બાબતો જાણી રાખો જેથી યોગ્ય સમય પાસે ધ્યાન રાખી શકાય.

**હાઈલાઈટ્સ:** - Q4 પરિણામ સમગ્ર સેગમેન્ટમાં ક્રમિક સુધારો દર્શાવે છે. - આગામી બે વર્ષ માટે રૂ. ૨,૫૦૦ કરોડના બજેટમાં કેપેક્સની તીવ્રતા વધી છે

સંશ્લેષણ અને બાયોટેક તરફ વૈવિધ્યકરણ દ્વારા લાંબા ગાળાની વૃદ્ધિની આગેવાની લેવામાં આવશે. - તાજેતરના ક્ષમતા વિસ્તરણ દ્વારા સમર્થિત, આથો લાવવાનો વ્યવસાય વધ્યો. - પ્રોજેક્ટ અમલીકરણ અને કાચા માલની અસ્થિરતા જોવા માટેના મુખ્ય જોખમો રહે છે અન્ય અનાકડાંઓ આ મુજબ છે. માર્કેટ કેપ: રૂ. ૨૭,૬૨૩ કરોડ) એ ઊ૪ પરિણામોમાં ક્રમિક સુધારો પોસ્ટ કપ

**KPIKPI ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ:** બંધ રૂ ૭૨૮ ૨૦૦૮ માં સ્થાપિત કરવામાં આવી હતી અને તે KP ગ્રુપનો એક ભાગ છે. તે સૌર ઉર્જા ઉત્પન્ન કરવાના વ્યવસાયમાં રોકાયેલ છે. તે સ્વતંત્ર વીજ ઉત્પાદક (IPP) બંને તરીકે સૌર ઉર્જા પ્રદાન કરે છે અને કેપ્ટિવ પાવર ઉત્પાદકો (CPP) ગ્રાહકોને એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ (EPC) સેવાઓ પ્રદાન કરે છે. તે આઈપીપી અને સીપીપી સેગમેન્ટ ગ્રીન એનર્જી લિમિટેડમાંથી ૫૧ મેગાવોટની સંચિત ક્ષમતા ધરાવે છે.

**બિઝનેસ સેગમેન્ટ:** સ્વતંત્ર પાવર પ્રોડ્યુસર (IPP)(૪૭% રેવન્યુ)- તેનો મુખ્ય વ્યવસાય વીજળી ઉત્પન્ન કરવાનો છે. કંપનીની માર્કેટ કેપ રૂ ૧,૨૭૭ કરોડ છે. સ્ટોક નો પી ઈ ૨૯.૫ છે, બુક વૅલ્યુ ૮૫.૧ છે અને ROCE 22.7 %, ROE 31.7 % Face Value ૧૦.૦

**આરતી ઇન્ડ રૂ ૬૮૮.** ઊંચામાં રૂ ૧૧૧૯ ના મથાળેથી કરેકશન શરુ થયુ તે પછી હવે નીચામાં રૂ ૭૦૮ ની બોટમ બની અને હવે ૨ વીકથી ટેકો મળે છે. હાલમાં ઓવરસોલ્ડ લેવેલમાં છે આથી નવું વેચાણ ના કરાય. રૂ ૭૦૦ નીચે ખરીદવાનું વિચારી શકો રૂ ૬૮૦ નો સ્ટોપ રાખવો.

**એબીબી રૂ** ૨૧૭૫ હાલમાંજ રૂ ૨૪૭૮ પાસે ૨ વીક પૂર્વે ટોપ બનાવ્યો છે. અને ગયા વીક નરમાઈના સાકેત મળે છે. રૂ ૨૧૭૫ નીચે વધારે નરમાઈ જોવા મળે. નીચામાં હવે રૂ ૨૦૫૦ આસપાસનો ભાવ આવીશકે. છે.

**એ બી કેપિટલ** રૂ ૯૧.૨૫ ચાર્ટ નબળો છે. અને હજી નરમાઈ જોવા મળે. રૂ ૧૦૫ રસાકસીની સપાટી છે તેની ઉપર બંધ આવે તો પ્રવાહ બદલાય. નીચામાં રૂ ૮૫થી રૂ ૮૦ નો ભાવ જોવા મળવાની સંભાવના.

**બિરલા સોફ્ટ** રૂ ૩૩૧ નવેસરથી નબળાઈ જોવા મળી છે. સ્વિંગ નવી નીચામાં જોવા મળે છે. રૂ ૩૨૫ નીચે વધારે નરમાઈ જોવા મળે. રૂ ૩૪૫ ઉપર બંધ આવે તો પ્રવાહ બદલાય.

**કોનકોર રૂ** ૬૧૧ ગયા વીકમાં સ્વિંગ નરમ બની છે અને હવે રૂ ૬૪૦ સામે વેચાણ કરવાનું વિચારી શકો. ઉછાળો આવે પરંન્તુ ટકે નહિ નીચામાં રૂ ૬૦૦ નીચે રૂપ ૫૮૦ આવી શકે.

**આઇશર મોટર રૂ ૨૬૦૯:** ગયા વીકમાં સ્વિંગ રિવર્સલ મંદી તરફનું જોવા મળેલ છે. રૂ ૨૬૫૦ ના સ્ટોપ થી વેચાણ કરી શકો. નીચામાં હવે રૂ ૨૬૦૦ તૂટે તો રૂ ૨૫૭૫ થી રૂ ૨૫૫૦ નો ભાવ જોવા મળે.

**એસ્કોર્ટ રૂ ૧૪૯૮.** લાંબા સામે માટે સારો જાણતો આ શેર હાલમાં વધારે નરમ બન્યો છે. અગત્યની ટેકાની સપાટી તૂટી છે આથી વધારે નરમાઈ જોવા મળે. રૂ ૧૪૮૦ નીચે રૂ ૧૪૫૦ અને તેથી નીચે ભાવ જોવા મળે.

**જુબિલીયન્ટ ફૂડ રૂ** ૪૯૧. નવેસરથી વેચવાના સંકેત મળે છે. રૂ ૫૨૫ સામે ઊંચાળે વેચીને વેપાર કરવો. નીચામાં રૂ ૪૫૦ થી નીચેનો ભાવ જોવા મળે.

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા:** રૂ ૯૯૪. ગયા વીકમાં નવેસરથી ખરાબીના સંકેત મળે છે. નફારૂપી વેચવાલી જોવા મળી છે અને હાજી જોવા મળશે. નવી ખરીદી માટે રાહ જુઓ. ઇન્ડિકાઉટર નબળા પડ્યા છે. રૂ ૯૯૩ નીચે બંધ આવતા રૂ ૯૫૦ થી ૯૨૫નો ભાવ જોવા મળે.



## ટેકનિકલ એનાલિસિસ

પૂજા ઠાકર - 8780905110

નબળા વૈશ્વિક સંકેતોને કારણે રોકાણકારો માં મંદી નું સેન્ટીમેન્ટ વધું જોર પકડતું જાય છે. યુએસ ફેડ દ્વારા આક્રમક દરમાં વધારા બાદ રોકાણકારો સાવધાની સાથે વેપાર કરી રહ્યા છે. તદુપરાંત, FIIનું વેચાણ હળવા થવાના કોઈ સંકેત દેખાતા નથી, ઉપર થી પરિસ્થિતિ દિવસે ને દિવસે જેમ વિકટ થતી જાય છે વેચાણ વધી શકે છે, જેની બજારો પર અસર વર્તાઈ રહી છે.

વધતો જતો ફુગાવો અને વૈશ્વિક કેન્દ્રીય બેંકો ના નીતિ સૂર સતત ઊંચા દરમાં વધારા તરફ નિર્દેશ કરે છે, જેથી FII તેમની વેચાણની ગતિ પણ જાળવી રાખે.

ગુરુવારે મોડી સાંજે યુએસ બજારોમાં ભારે ઘટાડા બાદ વૈશ્વિક સ્તરે રોકાણકારોનું સેન્ટિમેન્ટ મંદીનું રહ્યું હતું. બેંક ઓફ ઈંગ્લેન્ડ (BoE) એ વ્યાજ દરોમાં ૨૫ bps નો વધારો કર્યો છે જ્યારે સ્વિસ નેશનલ બેંક દ્વારા (૧૫ વર્ષમાં પ્રથમ વખત) ૫૦ હ્રૅજ નો આશ્ચર્યજનક વધારો મંદીને વધુ વેગ આપ્યો છે.

ગુરુવારે સ્વિટ્ઝર્લૅન્ડ અને બ્રિટન દ્વારા દરમાં વધારો થવાથી એવી આશંકા ફરી વળી કે કેન્દ્રીય બેંકો દ્વારા ફુગાવાને કાબૂમાં લેવાના પ્રયાસોથી વિશ્વભરમાં તીવ્ર ધીમી વૃદ્ધિ અથવા મંદી આવી શકે છે. મ્ઈ બ્રિટિશ ફુગાવો આ વર્ષે વધુ વધીને ૧૧ ટકાથી વધુ થવાની આગાહી કરે છે.

ચાર્ટ મુજબ ટ્રેડર્સ માટે હવે ૧૫,૬૭૧ નુ લેવલ નિર્ણાયક સ્તર તરીકે કામ કરશે. કારણકે ૮ માર્ચ ૨૦૨૨ નો લો હતો ૧૫૬૭૨ જે એપ્રિલ- મે મહિના માં પણ નહોતો તુટિયો. મે મહિના માં લો હતો ૧૫૭૩૫. હવે આ બે લો, ૧૫૬૭૧ અને ૧૫૭૩૫ અહેમ્ રેસિસ્ટન્સ તરીકે કામ કરશે. અને તેનાથી ઉપર, નિફ્ટી ૪ થી ૫ દિવસ બંધ આપે અને તેની ઉપર ટકી રહેવા માં સફર થાય તો જ ઉપર માં ૧૬૦૦૦- ૧૬૨૦૦ ના સ્તરને સ્પર્શી શકે છે.

બીજી તરફ, ૧૫,૨૧૦ નીચે જો નિફ્ટી બંધ આવે તો, ઈન્ડેક્સ ૧૫૦૦૦ થી ૧૪૮૬૭ ના સ્તરને ફરીથી ચકાસી શકે છે. વધુ ડાઉનસાઇડ પણ ચાલુ રહી શકે છે જે ઈન્ડેક્સને ૧૪,૫૦૦ સુધી ખેંચી શકે છે.

આતો થઈ મોટા મોટા અહેમ લેવલ ની. હવે આ અહેમ લેવલ ની વચ્ચે નાની રેન્જ જોઈએ તો

હાલ ૧૫૨૦૦ થી ૧૫૫૬૦ ની રેન્જ માં બજાર અથડાય. ૧૫૫૬૦ ઉપર નિફ્ટી ટકી જાય તો જ ૧૫૪૦૦ થી ૧૫૭૩૫ ની રેન્જ માં બજાર અથડાતુ જોવા મળી શકે છે. ૧૫૨૦૦ નીચે જો નિફ્ટી જાય છે વધુ સેલિગ પ્રેશર માં ૧૪૯૪૫- ૧૫૩૩૦ ની રેન્જ માં અથડાતું જોવા મળે.

દરમિયાન, લાંબા સમય પછી, સાપ્તાહિક ચાર્ટ પર, બેંક નિફ્ટી ૩૩,૦૦૦ ના મહત્વપૂર્ણ સપોર્ટ લેવલની નીચે બંધ (૩૨૭૪૩) થયો. ૩૩,૦૦૦ ની નીચે, તે ૩૨,૦૦૦-૩૧,૫૦૦ સુધી સરકી શકે છે.

**સન ટીવી** ૪૩૬ ઉપર ૪૫૪ - ૪૭૦- ૪૮૭ ના ટાર્ગેટ માટે ૪૨૧ ના સ્ટોપ લોસ સાથે ખરીદો.

**પ્રાજ ઈન્ડસ્ટ્રી** ૩૪૫ ઉપર જ, ૩૫૬- ૩૬૪- ૩૭૮ ના ટાર્ગેટ માટે, ૩૩૩ ના સ્ટોપ લોસ સાથે ખરીદો.

બજાર માં હજી પણ અનિશ્ચિતતા નો માહોલ હોવા ને કારણે વધુ સ્ટોક્સ રેકમન્ડેશન નથી.

# ઈન્વેસ્ટમેન્ટ કરવાલાયક શેર

**૧) રામકો સિસ્ટમ્સ લિમિટેડ ( 532370 / RAMCOSYS )**

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૮૩.૯ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં  અને નીચામાં  ના ભાવ જોવાયા છે. કંપની એવિએશન માટે HR અને વૈશ્વિક પેરોલ, ERP અને M&E MRO માં મલ્ટિ-ટેનન્ટ ક્લાઉડ અને મોબાઇલ-આધારિત એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર ધરાવતી એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર પ્લેયર છે. તે દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ રામકો સમૂહની કંપની છે. કંપની વૈશ્વિક હાજરી ધરાવે છે અને ૨૦૦૦ જેટલા કર્મચારીઓ સાથે ૨૮ દેશોમાં ફેલાયેલી છે. કંપની એવિએશન, લોજિસ્ટિક, મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટર ને સોફ્ટવેરે પૂરા પાડે છે.કંપની વૈશ્વિક કન્સલટેનસી અને ટેકનોલોજી કંપની સાથે તકનીકી ભાગીદારી ધરાવે છે. તે એવિએશન ક્ષેત્રમાં સારી પકડ ધરાવે છે અને મેન્ટેનન્સ, એન્જિનિરીંગ, ફ્લાઈટ ઓપરેશન, ફલિત ટેક્નિકલ મેનેજમેન્ટ માટે અનેક સેવાઓ પૂરી પાડે છે.તેના ક્લાયન્ટસ માં ડાબર, ડીએલએફ, Swatch , સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ, Honeywell વગેરેનો સમાવેશ થાય છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૨૪ કરોડ ના વેચાણ સામે ૨૬ કરોડ નું નુકસાન નોંધાવ્યું હતું.વૈશ્વિક સ્તરે વધી રહેલા એટ્રિશન ના દર અને કર્મચારી ના પગારમાં વધારા ને પગલે કંપની ની નફાકારકતા પર છેલ્લા વર્ષમાં અસર પડી રહી છે.બુકવેલ્યુ ૧૮૮ છે અને ૫૫૦ કરોડના રિઝર્વભંડોળ ધરાવે છે.કંપની ના દેવા માં કાર્યક્ષણ ઢબે ઘટાડો થઇ રહ્યો છે.કુલ ઇક્વિટીમાં ૫૪.૨૮% પ્રમોટર્સ, ૮.૩૬% FIIDII તથા ૩૭.૩૭% હિસ્સો પબ્લિક ધરાવે છે. કંપની પાસે ઉચ્ચ સંશોધન અને વિકાસ (R&D) આવશ્યકતાઓ છે જે સતત રોકાણની આવશ્યકતા ધરાવે છે, જે મૂડીકૃત છે અને ઉચ્ચ અમોર્ટાઈસેશન ખર્ચમાં પરિણમે છે જે નફાકારકતા પર અસર કરે છે.ઓનબોર્ડ ૯૦ થી વધુ એવિએશન સંસ્થાઓ સાથે, રામકો એ ટોચના હેલી-ઓપરેટરો, અગ્રણી સંરક્ષણ કંપનીઓ, અવકાશ પ્રક્ષેપણ વાહનો, UAS/Drones, eVTOL અને વિશ્વભરના બહુવિધ MROs ને સેવાઓ પ્રદાન કરે છે. તાજેતરમાં ઇરાક ની સરકારી એરલાઈન ઇરાકી એરવેસ સાથે ડિજિટલાઇઝેશન માટે કરાર કરેલ છે અને તે બ્રુનેઈ શેલ પેટ્રોલિયમ કંપની એસડીએન માટે તેના એવિએશન, એરોસ્પેસ અને સંરક્ષણ સોફ્ટવેરનો અમલ કરશે જે એક વૈશ્વિક નામના ધરાવતી ઓઇલ ્ ગેસ કંપની છે.જેના થાકી કંપની ને સારા પરિણામો ની અપેક્ષા છે. કંપની મજબૂત ઓ-ર્ડરબુક ધરાવે છે.કંપની દેખીતી રીતે નેટ ડેટ ફ્રી છે. ઉપરના ભાવથી શેરમાં ખુબ મોટું કરેક્શન જોવા મળેલ છે. છેલ્લા ઘણા દિવસથી સારા ઓર્ડર્સ ના સમાચાર પર શેરમાં તેજી દેખાઈ રહી છે.ચાલુ ભાવે ખરીદી કરવી સલાહભરી રહેશે. આવનારા સમયમાં કંપની સારા પર્ણિમાઓ સાથે આકર્ષક વળતર આપી શકે છે.

**૨) કિર્લોસ્કર બ્રધર્સ લિમિટેડ ( 500241 / KIRLOSBROS )**

રૂ.૨ની ફાકવલાઉએ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૩૦૩ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૫૦૫ અને નીચામાં ૨૪૩ ના ભાવ જોવાયા છે. કંપની એ જાણીતા કિર્લોસ્કર ગ્રૂપનો એક ભાગ છે જે એન્જિનિયરિંગ અને ફ્લુઇડ મેનેજમેન્ટ માટે સિસ્ટમ્સનું ઉત્પાદન કરે છે. મુખ્ય વ્યવસાયોમાં મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ (પાણી પુરવઠો, પાવર પ્લાન્ટ અને સિંચાઇ), પમ્પ, વાલ્વ, મોટર્સ અને હાઈડ્રો ટર્બાઈનનો સમાવેશ થાય છે. તે પાણી પુરવઠા, પાવર પ્લાન્ટ્સ, સિંચાઈ, તેલ અને ગેસ અને દરિયાઈ અને સંરક્ષણના ક્ષેત્રોમાં મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે સંપૂર્ણ ફ્લુઇડ મેનેજમેન્ટ સોલ્યુશન્સ પ્રદાન કરવામાં માર્કેટ લીડર છે. કંપનીના ઉત્પાદનોમાં પ્રોસેસ પંપ, યુટિલિટી પંપ, ન્યુક્લિયર પંપ, API અને નોન- API પંપ, હીટિંગ વેન્ટિલેશન અને એર કન્ડીશનીંગ, વર્ટિકલ ટર્બાઈન વગેરેનો સમાવેશ થાય છે.આ કંપની ભારતમાં ક્રિટિકલ પંપની પ્રથમ અને અગ્રણી ઉત્પાદક છે. તેણે ફ્રાન્સમાં ITER (ઇન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર) પ્રોજેક્ટ માટે સોડિયમ પંપ અને વિશિષ્ટ પંપ સેટ પૂરા પાડ્યા છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૯૫૪ કરોડના વેચાણ સામે ૫૪ કરોડ નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM 10% જેવા રહ્યા હતા. ૧૧.૮૮ની શેરદીઠ કામની સાથે ૨૫.૫ ના પીઈ પર કામકાજ કરી રહી છે. બુકવેલ્યુ ૧૪૮ છે અને ૧૧૬૨ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે.કંપની નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે.તાજેતરમાં શેરદીઠ રૂ.૩ ડિવિડન્ડ જાહેર કરેલ છે.ચોપડે ૨૫૯ કાયોર્ડની કેશ એકવીવલેન્ટ છે. RoCE અને RoE અનુક્રમે ૧૧.૪% અને ૮.૨૬% છે. કુલ ઇક્વિટીમાં ૬૫.૯૫% પ્રમોટર્સ, ૧૦.૭૨% FIIDII તથા ૨૩.૩૩% હિસ્સો પબ્લિક ધરાવે છે.કંપની ૮૦ થી વધુ દેશોમાં હાજરી ધરાવે છે, જેમાં ૬ ઉત્પાદન એકમો ભારતમાં અને ૫ વિદેશમાં સાથે કુલ ૧૧ એકમો ધરાવે છે અને તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૬,૮૦૦ ટન છે. તે ૭૫ પ્રકારના પંપ અને ૨૮ પ્રકારના વાલ્વનું ઉત્પાદન કરે છે.કંપની ના R&D દ્વારા 6 US પેટન્ટ મેળવ્યા છે.તેની લગભગ ૨૫-૩૦% આવક આંતરરાષ્ટ્રીય પેટાકંપનીઓમાંથી આવે છે.કંપનીના કેટલાક ગ્રાહકોમાં સ્ટેટ ઓઇલ, સીએનઆર ઇન્ટરનેશનલ, સાઉથઇસ્ટ વોટર, સ્પીડી પંપ, થેમ્સ વોટર વગેરે, ટોટલ, બીપી, એક્સોન વગેરેનો સમાવેશ થાય છે.કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આર્સેલર મિત્તલ, હ્યુન્ડાઈ એન્જિનિયરિંગ, એનટીપીસી, લિન્ડે, સાઉદી અરામકો, ભારતના ન્યુક્લિયર પાવર કોર્પોરેશન, હિટાચી વગેરે સાથે વ્યૂહાત્મક વૈશ્વિક ભાગીદારી પણ ધરાવે છે.કંપની બહુવિધ સેગમેન્ટ અને બહુવિધ બિઝનેસ મોડલ જેમ કે B2B, B2C અને B2Gમાં વૈવિધ્યસભર હાજરી ધરાવે છે. FY ૨૦૨૨ માં કુલ ઓ-ર્ડરબુક ૨૪૭૦ કરોડ ની છે સારા ચોમાસાની આગાહી અને ગ્રાહક સેન્ટિમેન્ટમાં સુધારો થવાને કારણે કંપની રિટેલ સેગમેન્ટમાં મજબૂત રિકવરીની અપેક્ષા રાખે છે. કંપનીએ બહુવિધ ATL અને BTL માર્કેટિંગ પ્રવૃતિઓ હાથ ધરી છે અને રિટેલ પંપ સેગમેન્ટ માટે માર્કેટ શેરને વધુ બહેતર બનાવવા માટે મજબૂત બ્રાન્ડ ઇક્વિટીનો ઉપયોગ કર્યો છે.આંતરાષ્ટ્રીય બજારોમાં થાઈલેન્ડ અને દક્ષિણ આફ્રિકી બજારોમાં સૈ વૃદ્ધિ જોવા પામી છે. કંપનીએ તેના ઋણમાં ૧૭૦.૪૬ કરોડનો નોંધપાત્ર ઘટાડો કર્યો છે. કંપની ની મજબૂત બેલેન્સ શીટ, મોટી ઓર્ડર બુક ને જોતા રોકાણ કરવા આકર્ષક જણાઈ રહી છે.ચાલુ ભાવે મધ્યમગાળા માટે રોકાણ કરવું સલાહભર્યું રહેશે.

**૩) APL એપોલો ટ્યુબ્સ લિમિટેડ (533758 / APLAPOLLO )**

રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેર નો ભાવ ૮૫૭.૧ આસપાસ છે.૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૧૧૫ અને નીચામાં ૫૮૫ ના ભાવ જોવાય છે.કંપની ભારતની અગ્રણી બ્રાન્ડેડ સ્ટીલ પ્રોડક્ટ્સ ઉત્પાદકોમાંની એક છે.કંપની ૧૦ ઉત્પાદન સુવિધાઓ ચલાવે છે જેમાં ૧૫૦૦ થી વધુ જાતોના સ્જી બ્લેક પાઇપ્સ, ગેલ્વેનાઈઝ્ડ ટ્યુબ્સ, પ્રી-ગેલ્વેનાઈઝ્ડ ટ્યુબ્સ, સ્ટ્રક્ચરલ ઈઈઉ સ્ટીલ ટ્યુબ્સ અને હોલો સેક્શન્સનો સમાવેશ થાય છે, જેથી શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઉસિંગ અને પ્લાન્ટિંગ, ગ્રીનહાઉસ, ગ્રીનહાઉસ જેવા ઉદ્યોગની એપ્લિકેશનો પૂરી પાડવામાં આવે છે.કંપની સ્ટીલ કન્સ્ટ્રક્શન પાઈપ્સના સ્થાનિક બજારમાં પ્રભુત્વ ધરાવતી ખેલાડી છે અને હાલમાં તે તેમાં ૫૦% બજાર હિસ્સો ધરાવે છે. તેનો બજાર હિસ્સો FY16 માં ૨૭% થી FY21માં ૫૦% સુધી ઝડપથી વધી રહ્યો છે.માર્ચ ત્રિમાસિક ગાળામાં ૪૨૧૫ કરોડ ના વેચાણ સામે ૧૬૩ કરોડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, શેરદીઠ ૨૨.૨૭ ની કમાણી સાથે ૪૦.૧ ના પીઈ પર કામકાજ કરી રહી છે.બુકવેલ્યુ ૯૦.૫ છે અને રિઝર્વભંડોળ ૨૨૧૪ કરોડ ધરાવે છે.ઈઝઈ અને RoE અનુક્રમે ૨૭.૮% અને ૨૩.૬% છે. દેવાંમાં સારો ઘટાડો જોવા મળ્યો છે.કુલ ઇક્વિટી માં ૩૪.૫૪% પ્રમોટર, ૩૫.૩૧% FIIDII તથા ૩૦.૧૪% હિસ્સો પબ્લિક ધરાવે છે.કંપની પાસે ૮૦૦ થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ અને ૫૦૦૦૦ રિટેલર્સ અને ફેબ્રિકેટર્સનો સમાવેશ કરીને સમગ્ર ભારતમાં ૩૦૦ નગરો અને શહેરોમાં હાજરી ધરાવતું વિતરણ નેટવર્ક છે.કંપની એ શંકર બિલ્ડકોન માં હિસ્સો ખરીદ્યો છે.તેમની પાસે ૨.૬ MTPA ક્ષમતા છે જે તેના નજીકના હરીફ કરતા ૨ટ વધુ છે. FY23 માટે, કંપની ૨.૫ MT ના વેચાણ વોલ્યુમને લક્ષ્યાંકિત કરી રહી છે, FY24 3.2 MT અને FY25 માટે 4 MT અપેક્ષિત છે. કંપની FY23 સુધીમાં રૂ. ૧૨૦૦- ૧૩૦૦ કરોડ EBITDA હાંસલ કરવાનો વિશ્વાસ ધરાવે છે.ગયા વર્ષે ૧:૧ ના ગુણોત્તર માં બોનસ શેર ઈશ્યુ કરેલ છે.તાજેતરમાં શેરદીઠ રૂ.૩.૫૦ ડિવિડન્ડ જાહેર કરેલ છે.ચોપડે ૩૭૬ કરોડ ના કેશ એકવીવલેન્ટ છે.કંપની તેના નવા મૂલ્યવર્ધિત ઉત્પાદનો માટે બજાર બનાવવા માટે પરંપરાગત ઉત્પાદનો સિવાય નવીન ઉત્પાદનો પર કામ કરી રહી છે.તેના લાંબા ગાળાના ધ્યેયોમાં મૂલ્ય-વર્ધિત ઉત્પાદનો, ખર્ચ નિયંત્રણ, નવીનતા, નવી બજાર રચના અને બ્રાન્ડ ઇક્વિટી વૃદ્ધિનો ઉચ્ચ યોગદાનનો સમાવેશ થાય છે જે આગામી ૨-૩ વર્ષમાં દ્વિઅંકી વોલ્યુમ વૃદ્ધિમાં મદદ કરશે.વિકાસને આગળ વધારવા માટે પરંપરાગત ક્ષેત્રો સિવાય નવા ક્ષેત્રો (દિલ્હી ઓક્સિજન પ્લાન્ટ), હોસ્પિટલો વગેરેમાં માળખાકીય સ્ટીલ ટ્યુબ માટે વધતી તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.કંપનીએ દિલ્હી હોસ્પિટલ પ્રોજેક્ટ માટે પહેલાથી જ ૧૦૦૦૦ ટન સ્ટ્રક્ચરલ ટ્યુબ મોકલી છે.રાયપુર પ્લાન્ટ નાણાકીય વર્ષ ૨૩ ના પ્રથમ છ મહિનામાં આંશિક રીતે કાર્યરત થવાની અપેક્ષા છે જે ઉત્પાદનક્ષમતા અને નાણાકીય પરિણામો પર સારી અસરો દર્શાવી શકે છે. ઉત્પાદન સેગમેન્ટમાં વધતી જતી માંગ, મજબૂત વિતરણ નેટવર્ક, ફ્છ ના શેરમાં વધારો, ડ્રાઈવિંગ માર્જિન, એપોલો માર્ટની રજૂઆત અને તેની માર્કેટ લીડરશિપ પોઝિશન સાથે કમાણીની ગતિ ચાલુ રહેશે. ચાલુ ભાવે તેમજ ઘટાડે એકઠા કરી શકાય આકર્ષક વળતર મળી રહે.

**૪) નેલ્કો લિમિટેડ (504112 / NELCO )**

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૬૧૯.૯ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૯૭૨ અને નીચામાં ૨૪૨ ના ભાવ જોવાયા છે.કંપની નેટવર્ક સિસ્ટમ્સ અને ઓટોમેશન એન્ડ કંટ્રોલના વ્યવસાયમાં રોકાયેલ છે. કંપની તેના એન્ટરપ્રાઇઝ અને સરકારી ગ્રાહકોને VSAT કનેક્ટિવિટી, સેટકોમ પ્રોજેક્ટ્સ અને ઇન્ટિગ્રેટેડ સિક્યુરિટી અને સર્વેલન્સ સોલ્યુશન્સનાં ક્ષેત્રોમાં ઉકેલો ઓફર કરીને સંભવિતતાને અનલોક કરવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.કંપની પાસે VSAT લાયસન્સ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર (ISP) લાઇસન્સ તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન, ભારત સરકાર (DOT) દ્વારા આપવામાં આવેલ ઈન્ફ્લાઈટ એન્ડ મેરીટાઇમ કોમ્યુનિકેશન (IFMC) લાઇસન્સ ધરાવે છે. કંપની ટાટા સમૂહ ની ટાટા પાવર લિમિટેડ ની પેટાકંપની છે. કંપની તેના ઉત્પાદો થાકી બેંકિંગ, ગ્રામીણ કનેક્ટિવિટી, માઇનિંગ, ઈન-ફ્લાઇટ એન્ટરટેઇનમેન્ટ તેમજ સંરક્ષણ અને સ્પેસ ક્ષેત્રો માં સેવાઓ પૂરી પાડે છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૭૧.૬૯ કરોડ ના વેચાણ સામે ૩.૦૩ કરોડ નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM 17.7% રહ્યા હતા.૭.૦૫ ની શેરદીઠ કમાણી સાથે ૯૪.૩ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૩૯ની બુકવેલ્યુ છે અને ૬૬.૨ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે. કંપની નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. તાજેતરમાં શેરદીઠ રૂ.૧.૮૦ નું ડિવિડન્ડ જાહેર કરેલ છે. RoCE અને RoE અનુક્રમે ૧૭.૯% અને ૧૯% છે. કુલ ઇક્વિટીમાં ૫૦.૦૯% પ્રમોટર્સ, ૭.૨૧% FIIDII તથા ૪૨.૪૫% હિસ્સો પબ્લિક ધરાવે છે. કંપની સતત નવી સેટકોમ ટેકનોલોજી અને સેવાઓ અને બજારોની શોધ કરે છે જ્યાં સેટકોમનો અસરકારક રીતે ઉપયોગ કરી શકાય.કંપની માને છે કે LEO સેટેલાઇટ ભવિષ્યમાં તેના એડ્રેસેબલ માર્કેટ સેગમેન્ટને વિસ્તારવામાં મદદ કરી શકશે. LEO સેટેલાઇટ 'ફાઈબર-ઈન-ધ-સ્કાય' તરીકે કાર્ય કરી શકે છે, જે પાર્થિવ નેટવર્કને વૈકલ્પિક ઉકેલ પૂરો પાડે છે જે ઉચ્ચ બેન્ડવિડ્થ સેગમેન્ટ જેમ કે સેલ્યુલર બેકહોલ, વિલેજ કનેક્ટિવિટી, ટેલિકોમ નેટવર્ક વગેરે, ખાસ કરીને દૂરના સ્થળો અને મુશ્કેલ પ્રદેશોમાં સેવા આપવા માટે સુવિધા આપશે. તાજેતરમાં 5G સ્પેક્ટ્રમ માટે કેબિનેટ મંજૂરી મળેલ છે જે કંપની માટે ફાયદાકારક નીવડશે.કંપનીએ તેના દેવામાં ૨૦.૦૮ કરોડનો નોંધપાત્ર ઘટાડો કર્યો છે.છેલ્લા ૩ વર્ષોમાં ૨૦.૮૯% ની તંદુરસ્ત RoCE અને ૧૯.૩૩% ની RoE જાળવી રહી છે. ચાલુ ભાવે તેમજ ઘટાડે એકઠા કરવાલાયક શેર. મધ્યમગાળામાં આકર્ષક વળતર મળી શકે.

**૫) જે કુમાર ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ (532940 / JKIL )**

રૂ.૫ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૭૫.૨૫ આસપાસ છે.૫૨ સપ્તાહમાં ઉપરમાં ૩૦૮ અને નીચામાં ૧૪૯ ના ભાવ જોવાયા છે. કંપની ન્સપોર્ટેશન એન્જિનિયરિંગ, સિંચાઈ પ્રોજેક્ટ્સ, સિવિલ કન્સ્ટ્રક્શન અને પાઈલિંગ વર્ક વગેરે સહિત વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટના અમલીકરણના વ્યવસાયમાં રોકાયેલ છે.કંપની એલિવેટેડ અને અંડરગ્રાઉન્ડ મેટ્રો પ્રોજેક્ટ્સ, રસ્તાઓ, ફ્લાયઓવર અને પુલો અને નાગરિક બાંધકામ પ્રવૃત્તિઓનું નિર્માણ કરે છે અને તેણે બાંધકામની જગ્યામાં લગભગ ૯૦ પ્રોજેક્ટ્સનું અમલીકરણ કર્યું છે. આ કંપની દેશના બહુ ઓછા બાંધકામ ખેલાડીઓમાંની એક છે જે સંયુક્ત સાહસો વિના મોટા કદના જટિલ પ્રોજેક્ટ્સ માટે લાયકાત મેળવી શકે છે. કંપનીના કેટલાક પ્રખ્યાત પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સમાં દિલ્હી મેટ્રો (અંડરગ્રાઉન્ડ અને એલિવેટેડ), અમદાવાદ મેટ્રો, ESIC મેડિકલ કોલેજ અલવર, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ-ચુનાભટ્ટી ફ્લાયઓવર વગેરેનો સમાવેશ થાય છે. કંપની હાલમાં પુણે મેટ્રો (એલિવેટેડ), કેટલીક નવી મુંબઈ મેટ્રો લાઇન્સ પર કામ કરી રહી છે. (૨,૩,૭), કાલવા બ્રિજ થાણે વગેરે. તેણે તાજેતરમાં નવેમ્બર ૨૦૨૧માં ૧૬૦ કરોડનો નવી મુંબઈ મેટ્રો રેલ પ્રોજેક્ટ મેળવ્યો છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૧૧૪ કરોડના વેચાણ સામે ૭૪ કરોડ નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM 14% જેવા રહ્યા છે. શેરદીઠ ૨૭.૨૧ ની કમાણી સાથે ૯.૯૧ ના પીઈ પર કામકાજ કરી રહી છે. બુકવેલ્યુ ૨૭૬ છે અને ૨૦૪૯ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે.કંપની ના દેવામાં કાર્યક્ષમ રીતે ઘટાડો થઈ રહ્યો છે. ચોપડે ૩૭૪ કરોડ જેટલી કેશ એકવીવલેન્ટ છે. કંપની નિયમિત

અનુસંધાન પાના નં. ૬ ઉપર

# High Risk High Return Stockes

## ૧) સિક્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( SIKKO )

રૂ.૧૦ ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૬૧.૨૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૭૯.૬ અને નીચામાં ૨૫.૧ ના ભાવ જોવાયા છે. કંપની જૈવિક કૃષિ જંતુનાશકો, ફૂગનાશકો, જૈવ ફૂગનાશકો, છોડ વૃદ્ધિ પ્રમોટર્સ, NPK ખાતરો, નીંદણનાશકો, HDPE બોટલો અને ફ્લેક્સિબલ પાઉચના અગ્રણી ઉત્પાદક અને સપ્લાયર પૈકી એક છે. કંપનીએ UAE, ઝામ્બિયા, લિબિયા, ઈજિપ્ત, નેપાળ, બાંગ્લાદેશ, તાન્ઝાનિયા, યુગાન્ડા, ટોગો, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, યમન, માલવી, આઈવરી કોસ્ટ અને કેન્યા જેવા ઘણા દેશોમાં તેમની નિકાસ શરૂ કરી છે.બલ્ક પેકિંગ સ્વરૂપે ઘણી કંપનીઓને વિવિધ કેમિકલ્સ સપ્લાય કરવામાં પણ સંકળાયેલું છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૫.૬૩ કરોડના વેચાણ સામે ૭૩ લાખ જેટલું નુકસાન નોંધાવ્યું છે જે એકમુશ્ત નુકસાન ના લીધે છે. શેરદીઠ ૧.૬૮ની કમાણી સાથે ૩૬.૮ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૧૮.૯ ની બુકવૅલ્યુ છે ૯.૯૭ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે. RoCE અને RoE અનુક્રમે ૧૨.૯% અને ૯.૨૯% છે.કંપની દેવાંમાં સારો ઘટાડો કરી રહી છે. આવનારા સમયમાં સારા ચોમાસાની આગાહી અને માંગ માં કૃષિ રસાયણો ના માંગ માં વધારા ની અપેક્ષાએ સારા પરિણામ દર્શાવી શકે છે. છેલ્લા સપ્તાહમાં શેરમાં ૨૯% જેટલો ઉછાળો જોવા મળેલ છે.આ તેજી નું વલણ ચાલુ રહે તેવી વાંકી છે, ટૂંકાગાળામાં ૭૫ ના ભાવ દેખાડે.

## ૨) કેલિફોર્નિયા સોફ્ટવેર કંપની લિમિટેડ ( 532386 / CALSOFT )

રૂ.૧૦ ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૧.૬૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૫૨.૮ અને નીચામાં ૯.૩૫ ના ભાવ જોવાયા છે. સોફ્ટવેર ડેવલપમેન્ટ, અમલીકરણ, સમર્થન, માન્યતા અને પરીક્ષણના વ્યવસાયમાં રોકાયેલ છે.કંપની નાણાકીય સેવાઓ, ઉત્પાદન (ઓટોમોટિવ, એરોસ્પેસ, હાઈ-ટેક, સેમિકન્ડક્ટર્સ), જીવન વિજ્ઞાન અને આરોગ્યસંભાળ, જાહેર સેવાઓ (તેલ અને ગેસ, ઉર્જા અને ઉપયોગિતા, મુસાફરી, પરિવહન અને લોજિસ્ટિક્સ), છૂટક અને ઉપભોક્તા ઉત્પાદનો સહિત પસંદગીના વર્ટિકલ્સમાં સોલ્યુશન્સ પૂરા પાડે છે.કંપની ફાર્માસ્યુટિકલ, બાયોટેક અને લાઈફ સાયન્સ કંપનીઓ માટે ક્લિનિકલ ટ્રાયલ્સ સોફ્ટવેર પ્લેટફોર્મ 'dSAFETY, dDAC -DAC, dTRIALS, dRMS અને dCTMS' વિકસાવવા અને અમલમાં લાવવામાં નિષ્ણાત છે.કંપની અત્યંત સુરક્ષિત બિઝનેસ પ્લેટફોર્મ પણ પ્રદાન કરે છે જેમ કે, 'dSPEEDUp eCom, dINSPIRA, dULTIMATE, dCHAT જે AI એકીકરણ દ્વારા ઈ કોમર્સ સોલ્યુશન્સના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર આધારિત છે.કંપની ૩૩.૫ કરોડની માર્કેટ કેપ ધરાવે છે અને ૭.૩૬ ના પીઈ પર કામકાજ કરી રહી છે.આવનારા સમયમાં વધી રહેલા ડિજિટલ વ્યાપ ને લીધે કંપની ને ફાયદો થઇ શકે છે.છેલ્લા ૨-૩ દિવસથી મોટા વોલ્યૂમ થી કામકાજ થઈ રહ્યું છે.ઊંચા જોખમે ખરીદી કરી શકાય, ૨૮-૩૦ ના ભાવ બતાવે.

## 3) વાસવાની ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( 533576 / VASWANI )

રૂ.૧૦ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૧૯.૭૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૩૮.૫ અને નીચામાં ૧૦.૫ ના ભાવ જોવાયા છે. કંપની આયર્ન ઓર પેલેટ્સ, સ્પોન્જ આયર્ન, સ્ટીલ બિલેટ્સ અને એચબી વાયરના ઉત્પાદન અને વેપારના વ્યવસાયમાં રોકાયેલ છે. તે કેપ્ટિવ પાવર વપરાશ માટે થર્મલ પાવર પ્લાન્ટ પણ ચલાવે છે.કંપની પાસે સોન્દ્રા ગામ, રાયપુર ખાતે ઔદ્યોગિક વિસ્તારમાં ઉત્પાદન સુવિધાઓ છે જેમાં સ્પોન્જ આયર્નની કુલ ક્ષમતા ૯૦૦૦૦ ટ્ છે અને સ્ટીલ બિલેટ્સ/ઈન્ગોટ્સની કુલ ક્ષમતા ૬૬૦૦૦ ટ્ છે. કંપની પાસે ૧૧.૫ મેગાવોટની ઉત્પાદન ક્ષમતા ધરાવતો થર્મલ પાવર પ્લાન્ટ પણ છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૧૯.૮૨ કરોડ ના વેચાણ સામે ૩.૩૬ કરોડ નો નફો નોંધાવ્યો હતો. ૧.૪૭ ની શેરદીઠ કમાણી સાથે ૧૩.૪ ના પીઈ પર કામકાજ કરી રહી છે.૩૫.૬ ની બુકવૅલ્યુ ધરાવે છે અને ૭૬.૮ કરોડ જેટલા રિઝર્વભંડોળ છે. પાછલા સપ્તાહમાં ૨૦% ની સર્કિટ દેખાડી હતી અને મોટા વોલ્યૂમ થી કામકાજ થઈ રહ્યું છે. છેલ્લા ૧ સપ્તાહમાં ૧૫%, ૬ મહિનામાં શેરના ભાવમાં ૩૧.૧૫% ઉછાળો જોવાયો છે. શેરમાં તેજી જોઈ શકાય છે, ચાલુ ભાવે ઊંચા જોખમે ૨૮-૨૯ ના ભાવ માટે ખરીદી કરી શકાય.

## ૪) શાહ એલોયસ લિમિટેડ (513436 / SHAHALLOYS)

રૂ.૧૦ ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપનયના શેરનો ભાવ ૭૪.૧૫ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૩૫ અને નીચામાં ૧૧.૪ ના ભાવ જોવાયા છે. કંપની ફ્લેટ અને લોંગ પ્રોડક્ટ્સમાં સ્ટેનલેસ સ્ટીલ, એલોય અને સ્પેશિયલ સ્ટીલ, કાર્બન/માઈલ્ડ સ્ટીલ અને આર્મર સ્ટીલના ઉત્પાદક છે. કંપની DRDO સાથે માન્ય વિક્રેતા તરીકે નોંધાયેલ છે.કંપની વિવિધ સ્ટેનલેસ સ્ટીલ, એલોય અને સ્પેશિયલ સ્ટીલ, કાર્બન/માઈલ્ડ સ્ટીલ અને આર્મર સ્ટીલની વિવિધ સપ્લાય પરિસ્થિતિઓમાં નિષ્ણાત છે. તે ફ્લેટ, લાંબા અને બ્રાઈટ/પીલ બાર જેવી કેટેગરીઝ હેઠળ ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ કરે છે.કંપની ગુજરાતમાં સાંતેજ ખાતે ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે.તે BHEL, ગુજરાત ઈન્ફ્રાપાઈપ્સ, TI ઈન્ડિયા, કેથાર વેસેલ્સ લિમિટેડ, વગેરે જેવા અગ્રણી ક્લાયન્ટ્સ માટે મુખ્ય સપ્લાયર્સ પૈકીનું એક છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૫૮ કરોડના વેચાણ સામે ૨૯ કરોડ નો નફો નોંધાવ્યો હતો. OPM 11% જેવા રહ્યા હતા.શેરદીઠ ૪૧.૪૭ ની કમાણી સાથે ૧.૭૮ ના પીઈ પર કામકાજ કરી રહી છે. કંપનીએ તેનું દેવું FY15માં ૬૫૩ કરોડથી ઘટાડીને FY22માં ૧૧૭ કરોડ કર્યું છે.કંપની છેલ્લા ઘણા સમય થી સારા પરિણામ દર્શાવી રહી છે.છેલ્લા ૫ વર્ષોમાં ૩૪.૪૨% CAGRના નફામાં સારો વધારો થયો છે.પાછલા મહિને શેરમાં ઉપલી સર્કિટો વાગીને ૧૦૦ જેવો ભાવ પોહ્ચ્યો હતો હાલ થોડા ઘટાડા સાથે ખરીદી કરવા સારી તક છે. કંપની ના શેરના ભાવ છેલ્લા ૧ વર્ષમાં ૫૦૦% જેવા વધ્યા છે, ઊંચા જોખમ રાખનાર શેરમાં ૯૫-૯૮ ના લક્ષ્યાંક માટે ચાલુ ભાવે ખરીદી કરી શકે છે.

## ૫) ઉષા માર્ટિન લિમિટેડ (517146 / USHAMART)

રૂ.૧ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૧૦૫.૮ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૬૫ અને નીચામાં ૫૦ ના ભાવ જોવાયા છે.કંપની મુખ્યત્વે સ્ટીલ વાયર, સેર, વાયર દોરડા, દોરી, સંબંધિત એસેસરીઝ વગેરેના ઉત્પાદન અને વેચાણમાં રોકાયેલ છે. તે અન્ય ઉત્પાદનો જેમ કે વાયર ડ્રોઈંગ અને સંલગ્ન મશીનોના વેચાણમાં પણ સામેલ છે.કંપનીની પ્રોડક્ટ ઓફરિંગમાં સ્ટીલ વાયર રોપ્સ, એલઆરપીસી, વાયર અને સ્ટ્રેન્ડ્સ, પ્રી-સ્ટ્રેસિંગ એક્સેસરીઝ અને સેવાઓ, રોપ મેકિંગ અને સંલગ્ન મશીનરી અને ટેલિકોમ કેબલનો સમાવેશ થાય છે.કંપનીના મોટા ભાગના ઉત્પાદનો મૂલ્ય-વર્ધિત છે

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

## ડાર્ક હોર્સ શેર

## હેઈડેલબર્ગ સિમેન્ટ ઈન્ડિયા લિમિટેડ ( 500292 / HEIDELBERG )

રાજુભાઈ શાહ (મુંબઈ)

રૂ.૧૦ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ    આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૨૭૮ અને નીચામાંના ભાવ જોવાયા છે.હાઈડલબર્ગસિમેન્ટ ઈન્ડિયા લિમિટેડ (HCIL) એ વૈશ્વિક મુખ્ય હાઈડેલબર્ગસિમેન્ટ ગ્રુપ, જર્મનીની ૬૯.૩૯% પેટાકંપની છે, જે મધ્ય ભારતમાં તેની મુખ્ય કામગીરી ધરાવે છે. કંપની ભારતમાં તેની બ્રાન્ડ "દ્વઅષ્ઠીદ્ધ સિમેન્ટ" હેઠળ સિમેન્ટનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીની કુલ ક્ષમતા ૬.૨૬ મિલિયન ટન છે. મેનેજમેન્ટના જણાવ્યા મુજબ, વર્તમાન ક્ષમતા આગામી ૨-૩ વર્ષમાં બજાર વૃદ્ધિને મેળવવા માટે પૂરતી ક્ષમતા પ્રદાન કરે છે. કંપનીના પ્લાન્ટ અમ્માસન્દ્રા (કર્ણાટક), દમોહ (મધ્યપ્રદેશ) અને ઝાંસી (ઉત્તર પ્રદેશ) ખાતે આવેલા છે. કંપની પોર્ટલેન્ડ પોઝોલાના સિમેન્ટ (PPC) અને પોર્ટલેન્ડ સ્લેગ સિમેન્ટ (PSC) બંનેનું ઉત્પાદન કરે છે. પીપીસી એ એક પ્રકારનું બ્લેન્ડેડ સિમેન્ટ છે જે પોર્ટલેન્ડ ક્લિંકરને જીપ્સમ અને પોઝોલેનિક મટીરીયલ સાથે ગ્રાઈન્ડીંગ કરીને અથવા ઓર્ડિનરી પોર્ટલેન્ડ સિમેન્ટ (ઓપીસી)ને ચોક્કસ પ્રમાણમાં પોઝોલેનિક મટીરીયલ સાથે ભેળવીને બનાવવામાં આવે છે.કંપની મધ્ય પ્રદેશમાં PPC અને PSC આઉટપુટના લગભગ ૯૫% અને બાકીના પશ્ચિમ અને દક્ષિણ પ્રદેશોમાં વેચે છે. આ ઉત્પાદન ક્ષમતાઓએ કંપનીને મધ્ય ભારતમાં એટલે કે મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ અને બિહાર, હરિયાણા અને ઉત્તરાખંડના બજારોમાં તેનો બજારહિસ્સો વધારવા માટે સક્ષમ બનાવ્યું છે. કંપનીએ તેના હાલના અને નવા બજારોમાં તેની બ્રાન્ડ "mycem" માટે વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.

કંપની ના પેરેન્ટ જર્મન બહુરાષ્ટ્રીય નિર્માણ સામગ્રી કંપની છે જેનું મુખ્ય મથક હેડલબર્ગ, જર્મનીમાં છે.જુલાઈ ૨૦૧૬ માં , HeidelbergCement AG એ Italcementi માં ૪૫% શેરહોલ્ડિંગનું સંપાદન પૂર્ણ કર્યું. તે સંપાદનથી હાઈડેલબર્ગસિમેન્ટને વિશ્વભરમાં કન્સ્ટ્રક્શન એગ્રીગેટ્સમાં નંબર-૧ ઉત્પાદક, સિમેન્ટમાં નંબર ૨ અને રેડિમિક્સ્ડ કોંક્રિટમાં નંબર ૩ બન્યું હતું. વિસ્તૃત જૂથ ૩૦૦૦ ઉત્પાદન સાઈટ્સ પર કામ કરતા ૬૦૦૦૦ કર્મચારીઓ સાથે લગભગ ૬૦ દેશોમાં પ્રવૃત્તિઓ ધરાવે છે. હાઈડલબર્ગસિમેન્ટ ૧૭૬ મિલિયન ટનની વાર્ષિક સિમેન્ટ ક્ષમતા, ૧૫૦૦ થી વધુ તૈયાર-મિશ્ર કોંક્રિટ ઉત્પાદન સાઈટ્સ અને ૬૦૦ થી વધુ એકંદર ખાણ સાથે ૧૩૯ સિમેન્ટ પ્લાન્ટ ચલાવે છે.. હાઈડલબર્ગસિમેન્ટ ભારતને ઉચ્ચ વૃદ્ધિની સંભાવના ધરાવતા ઉભરતા દેશ તરીકે જોવે છે.કંપની મધ્ય ભારતમાં સિમેન્ટ ઉદ્યોગની અગ્રણી કંપનીઓમાંની એક છે, જેમાં મોટી બિલ્ટ-અપ ક્ષમતા છે.કંપની પાસે રોકડ-સમૃદ્ધ બેલેન્સ શીટ, તંદુરસ્ત માર્જિન પ્રોફાઈલ અને શ્રેષ્ઠ વળતર ગુણોત્તર છે. મધ્ય પ્રદેશમાં ક્ષમતા વધારાની કોઈ અપેક્ષાઓ વિના, પહેલેથી જ સ્થાપિત ખેલાડીઓ આ પ્રદેશમાં કિંમત નિર્ધારણ શિસ્ત જાળવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને ભાવની પ્રાપ્તિ વર્તમાન એલિવેટેડ સ્તરો પર રહેવાની અપેક્ષા છે. રોડ બિલ્ડિંગ અને અન્ય ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ જેવા માળખાકીય વિકાસ માટે સરકારના પ્રોત્સાહન અને એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ દ્વારા  હાઉસિંગ ફોર ઓલ તરફના સરકારના પ્રયાસો સાથે, સિમેન્ટની માંગ વર્તમાન સ્તરે વધવાની/જાળવવાની અપેક્ષા છે. આનાથી કંપની ને ઉચ્ચ વોલ્યુમ અને આકર્ષક પ્રાપ્તિ દ્વારા તેની આવકમાં સારી વૃદ્ધિ કરવામાં મદદ મળશે.

બહેતર ઓપરેશનલ કાર્યક્ષમતા હાંસલ કરવા અને ઉત્પાદકતા વધારવાના ઉદ્દેશ્ય સાથે કંપની એ મધ્યપ્રદેશ અને ઝાંસી (ઉત્તર પ્રદેશ) માં તેની સિમેન્ટ ગ્રાઈન્ડીંગ ક્ષમતાઓને ડી-બોટલનેક કરી છે. ડીબોટલનેકિંગ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા પછી, કંપનીની કુલ સિમેન્ટ ગ્રાઈન્ડીંગ ક્ષમતા ૬.૨૬ mtpa થશે. કંપની તેની ચૂનાના પત્થરની ખાણની હાલની ક્ષમતામાં વધારો કરવા માટે બિનપરંપરાગત માર્ગ દ્વારા વિસ્તરણ અને ચૂનાના પત્થરની ખાણ માટે સ્કાઉટિંગનો વિકલ્પ પણ શોધી રહી છે. તેના સ્કેલને વધારવા માટે, HCIL ગુજરાતમાં તેની હાજરી વિસ્તરી રહી છે, જે આગામી ૨-૩ વર્ષમાં વધુ ૩ MT ક્ષમતા ઉમેરશે. આ ઉપરાંત, કંપની પાસે રોકડથી સમૃદ્ધ બેલેન્સ શીટ છે અને તે સક્રિયપણે બિનપરંપરાગત વિસ્તરણ માટે યોગ્ય તકો શોધી રહી છે.

સિમેન્ટ સેક્ટર એ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઈવે, હાઉસિંગ અને ગ્રામીણ વિકાસ માટે ઉચ્ચ સરકારી ખર્ચનો પરોક્ષ લાભાર્થી છે કારણ કે તે સિમેન્ટ કોમોડિટીની માંગને વેગ આપશે. એકંદરે આવતા વર્ષે માંગમાં વૃદ્ધિ ચાલુ વર્ષ કરતાં વધુ સારી રહેવાની શક્યતા છે, પરંતુ ક્ષમતાના વપરાશમાં ઘટાડો થવાને કારણે અનુભૂતિ વૃદ્ધિ વધુ નહીં થાય. ખર્ચ માં બચત ઉચ્ચ નફાકારકતાને સમર્થન આપવાનું ચાલુ રાખી શકે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૬૨૦ કરોડ નું વેચાણ નિધાવ્યુ હતું જે QoQ ૧૩% વૃદ્ધિ પામ્યું છે. OPM 19% જેવા રહ્યા હતા. ચોખ્ખો નફો ૯૪ કરોડ રહ્યો હતો. ૧૧.૧૩ ની શેરદીઠ કમાણી સાથે ૧૫.૩ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૬૯.૧ ની બુકવૅલ્યુ ધરાવે છે.ચોપડે ૧૩૩૯ કરોડ જેટલા રિઝર્વભંડોળ છે.કોપનય ના દેવામાં કાર્યક્ષમ રીતે ઘટાડો થઇ રહ્યો છે માર્ચ ૨૦૧૯ માં જે દેવું ૫૧૭ કરોડ હતું તે હાલ ૧૯૯ કરોડ ના સ્ટાર પર પોહ્ચ્યું છે.કંપની નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. તાજેતરમાં શેરદીઠ રૂ.૯ ડિવિડન્ડ જાહેર કરેલ છે. RoCE અને RoE અનુક્રમે ૨૦.૯% અને ૧૬.૫% છે.કુલ ઈક્વિટીમાં ૬૯.૩૯% પ્રમોટર્સ, ૧૬.૧૦% FIIDII તથા ૧૪.૩૬% હિસ્સો પબ્લિક ધરાવે છે.તેના સ્કેલને વધારવા માટે, કંપની ગુજરાતમાં તેની હાજરી વિસ્તરી રહી છે, જે આગામી ૨-૩ વર્ષમાં વધુ ૩ ટ્ ક્ષમતા ઉમેરશે.મેનેજમેન્ટ કોમેન્ટરી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ માટે કેન્દ્રીય બજેટમાં ફાળવણીને ધ્યાનમાં રાખીને, આ વર્ષ એ હાઈડલબર્ગ સિમેન્ટ માટે મજબૂત વોલ્યુમ રિકવરીનું વર્ષ હોઈ શકે છે. મોટાભાગની કંપનીઓએ નાણાકીય વર્ષમાં સ્વસ્થ વોલ્યુમ ગ્રોથ નોંધાવ્યો હોવાથી સિમેન્ટ સેક્ટરમાં માંગ સતત મજબૂત રહી છે. ઉદ્યોગની મોટી કંપનીઓ માંગની ગતિ ચાલુ રહેવાની અપેક્ષા રાખે છે અને ચાલુ નાણાકીય વર્ષ માટે ૮-૧૦% ની એકંદર વોલ્યુમ વૃદ્ધિની અપેક્ષા રાખે છે.જર્મનીની HCILની પેરેન્ટ કંપની કંપની માટે મજબૂત સકારાત્મક છે કારણ કે વૈશ્વિક સ્તરે મજબૂત હાજરી અને ભારતમાં બજારહિસ્સો વધારવાની પેરેન્ટ કંપની ની  મહત્વાકાંક્ષી યોજનાઓ દ્વારા આવનારા વર્ષોમાં પેરન્ટ તેને ઈનઓર્ગેનિક રીતે વૃદ્ધિ કરવામાં મદદ કરી શકે છે. કંપનીએ કોવિડના સમયમાં મજબૂત સ્થિતિસ્થાપકતા દર્શાવી છે, તેની મજબૂત બજાર સ્થિતિ અને અંતિમ બજારોમાંથી મજબૂત માંગને કારણે આભાર. વધુમાં, મજબૂત બેલેન્સ શીટ અને સખત ખર્ચ ફોકસ કંપનીને સ્ચ્છ અને મૂડી વળતરના મોરચે ખૂબ જ જરૂરી સુગમતા પ્રદાન કરે છે.કંપનીએ એપ્રિલ-૨૦૨૨ માં મોંઘવારીની અસરોને ઓછી કરવા માટે રૂ.૨૦-૨૫/બેગનો ભાવવધારો કર્યો હતો અને આગામી મહિનાઓમાં ભાવવધારાના પ્રયાસો ચાલુ રાખી શકે છે.ઊંચા ફુગાવા અને પ્રતિકૂળ તાપમાનની સ્થિતિને કારણે ત્રિમાસિક દરમિયાન માંગને અસર થઈ છે પરંતુ મેનેજમેન્ટ જુન-૨૦૨૨ થી માંગ સુધરવાની અપેક્ષા રાખે છે. ઉચ્ચ વેપાર વેચાણ અને ગ્રીન એનર્જીનો વિસ્તૃત ઉપયોગ તેના તાત્કાલિક પીઅર્સ કરતાં કંપની ને ખર્ચ સ્પર્ધાત્મક લાભ આપે છે.મજબૂત બિઝનેસ ફંડામેન્ટલ્સને જોતાં, હાઈડલબર્ગ રોકાણકારો માટે સંભવિત લાંબા ગાળાના વિજેતા બની શકે છે અને આ સ્તરો પર અને ઘટાડા પર વધુ એકઠા કરવા યોગ્ય છે.

# BEST BUY

BY Y.K.SHAH

## ૧) સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( SIKKO )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૬૧.૨૦ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં ૭૯.૬ અને નીચામાં ૨૫.૧ ના ભાવ જોવાયા છે. કંપની જૈવિક કૃષિ જંતુનાશકો, ફૂગનાશકો, જૈવ ફૂગનાશકો, છોડ વૃદ્ધિ પ્રમોટર્સ, NPK ખાતરો, નીંદણનાશકો, HDPE બોટલો અને ફ્લેક્સિબલ પાઉચના અગ્રણી ઉત્પાદક અને સપ્લાયર પૈકી એક છે. કંપનીએ UAE, ઝામ્બિયા, લિબિયા, ઇજિપ્ત, નેપાળ, બાંગ્લાદેશ, તાન્ઝાનિયા, યુગાન્ડા, ટોગો, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, યમન, માલવી, આઇવરી કોસ્ટ અને કેન્યા જેવા ઘણા દેશોમાં તેમની નિકાસ શરૂ કરી છે.બલ્ક પેકિંગ સ્વરૂપે ઘણી કંપનીઓને વિવિધ કેમિકલ્સ સપ્લાય કરવામાં પણ સંકળાયેલું છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૫.૬૩ કરોડના વેચાણ સામે ૭૩ લાખ જેટલું નુકસાન નોંધાવ્યું છે જે એકમુશ્ત નુકસાન ના લીધે છે. શેરદીઠ ૧.૬૮ની કમાણી સાથે ૩૬.૮ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૧૮.૯ ની બુકવેલ્યુ છે ૯.૯૭ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે. RoCE અને RoE અનુક્રમે ૧૨.૯% અને ૯.૨૯% છે.કંપની દેવાંમાં સારો ઘટાડો કરી રહી છે. આવનારા સમયમાં સારા ચોમાસાની આગાહી અને માંગ માં કૃષિ રસાયણો ના માંગ માં વધારા ની અપેક્ષાએ સારા પરિણામ દર્શાવી શકે છે. છેલ્લા સપ્તાહમાં શેરમાં ૨૯% જેટલો ઉછાળો જોવા મળેલ છે.આ તેજી નું વલણ ચાલુ રહે તેવી વાંકી છે, ટૂંકાગાળામાં ૭૫ ના ભાવ દેખાડે.

## ૨) કેલિફોર્નિયા સોફ્ટવેર કંપની લિમિટેડ (532386 / CALSOFT )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૧.૬૦ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં પર.૮ અને નીચામાં ૯.૩૫ ના ભાવ જોવાયા છે. સોફ્ટવેર ડેવલપમેન્ટ, અમલીકરણ, સમર્થન, માન્યતા અને પરીક્ષણના વ્યવસાયમાં રોકાયેલ છે.કંપની નાણાકીય સેવાઓ, ઉત્પાદન (ઓટોમોટિવ, એરોસ્પેસ, હાઇ-ટેક, સેમિકન્ડક્ટર્સ), જીવન વિજ્ઞાન અને આરોગ્યસંભાળ, જાહેર સેવાઓ (તેલ અને ગેસ, ઉર્જા અને ઉપયોગિતા, મુસાફરી, પરિવહન અને લોજિસ્ટિક્સ), છૂટક અને ઉપભોક્તા ઉત્પાદનો સહિત પસંદગીના વર્ટિકલ્સમાં સોલ્યુશન્સ પૂરા પાડે છે.કંપની ફાર્માસ્યુટિકલ, બાયોટેક અને લાઇફ સાયન્સ કંપનીઓ માટે ક્લિનિકલ ટ્રાયલ્સ સોફ્ટવેર પ્લેટફોર્મ 'dSAFETY, dDAC -DAC, dTRIALS, dRMS અને dCTMS' વિકસાવવા અને અમલમાં લાવવામાં નિષ્ણાત છે.કંપની અત્યંત સુરક્ષિત બિઝનેસ પ્લેટફોર્મ પણ પ્રદાન કરે છે જેમ કે, 'dSPEEDUp eCom, dINSPIRA, dULTIMATE, dCHAT જે AI એકીકરણ દ્વારા ઈ કોમર્સ સોલ્યુશન્સના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પર આધારિત છે.કંપની ૩૩.૫ કરોડની માર્કેટ કેપ ધરાવે છે અને ૭.૩૬ ના પીઈ પર કામકાજ કરી રહી છે.આવનારા સમયમાં વધી રહેલા ડિજિટલ વ્યાપ ને લીધે કંપની ને ફાયદો થઈ શકે છે.છેલ્લા ૨-૩ દિવસથી મોટા વોલ્યૂમ થી કામકાજ થઇ રહ્યું છે.ઊંચા જોખમે ખરીદી કરી શકાય, ૨૮-૩૦ ના ભાવ બતાવે.

## ૩) વાસવાની ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (533576 / VASWANI )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૧૯.૭૦ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં ૩૮.૫ અને નીચામાં ૧૦.૫ ના ભાવ જોવાયા છે. કંપની આયર્ન ઓર પેલેટ્સ, સ્પોન્જ આયર્ન, સ્ટીલ બિલેટ્સ અને એચબી વાયરના ઉત્પાદન અને વેપારના વ્યવસાયમાં રોકાયેલ છે. તે કેપ્ટિવ પાવર વપરાશ માટે થર્મલ પાવર પ્લાન્ટ પણ ચલાવે છે.કંપની પાસે સોન્દ્રા ગામ, રાયપુર ખાતે ઔદ્યોગિક વિસ્તારમાં ઉત્પાદન સુવિધાઓ છે જેમાં સ્પોન્જ આયર્નની કુલ ક્ષમતા ૯૦૦૦૦ ટન છે અને સ્ટીલ બિલેટ્સ/ઇન્ગોટ્સની કુલ ક્ષમતા ૬૬૦૦૦ ટન છે. કંપની પાસે ૧૧.૫ મેગાવોટની ઉત્પાદન ક્ષમતા ધરાવતો થર્મલ પાવર પ્લાન્ટ પણ છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૧૧૯.૮૨ કરોડ ના વેચાણ સામે ૩.૩૬ કરોડ નો નફો નોંધાવ્યો હતો. ૧.૪૭ ની શેરદીઠ કમાણી સાથે ૧૩.૪ ના પીઈ પર કામકાજ કરી રહી છે.૩૫.૬ ની બુકવેલ્યુ ધરાવે છે અને ૭૬.૮ કરોડ જેટલા રિઝર્વભંડોળ છે. પાછલા સપ્તાહમાં ૨૦% ની સર્કિટ દેખાડી હતી અને મોટા વોલ્યૂમ થી કામકાજ થઇ રહ્યું છે. છેલ્લા ૧ સપ્તાહમાં ૧૫%, ૬ મહિનામાં શેરના ભાવમાં ૩૧.૧૫% ઉછાળો જોવાયો છે. શેરમાં તેજી જોઈ શકાય છે, ચાલુ ભાવે ઊંચા જોખમે ૨૮-૨૯ ના ભાવ માટે ખરીદી કરી શકાય.

## ૪) શાહ એલોયસ લિમિટેડ (513436 / SHAHALLOYS)

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપનયના શેરનો ભાવ ૭૪.૧૫ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં ૧૩૫ અને નીચામાં ૧૧.૪ ના ભાવ જોવાયા છે. કંપની ફ્લેટ અને લોંગ પ્રોડક્ટ્સમાં સ્ટેનલેસ સ્ટીલ, એલોય અને સ્પેશિયલ સ્ટીલ, કાર્બન/માઇલ્ડ સ્ટીલ અને આર્મર સ્ટીલના ઉત્પાદક છે. કંપની DRDO સાથે માન્ય વિક્રેતા તરીકે નોંધાયેલ છે.કંપની વિવિધ સ્ટેનલેસ સ્ટીલ, એલોય અને સ્પેશિયલ સ્ટીલ, કાર્બન/માઇલ્ડ સ્ટીલ અને આર્મર સ્ટીલની વિવિધ સપ્લાય પરિસ્થિતિઓમાં નિષ્ણાત છે. તે ફ્લેટ, લાંબા અને બ્રાઇટ/પીલ બાર જેવી કેટેગરીઝ હેઠળ ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ કરે છે.કંપની ગુજરાતમાં સાંતેજ ખાતે ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે.તે BHEL, ગુજરાત ઈન્ફ્રાપાઈપ્સ, TI ઈન્ડિયા, કેથાર વેસેલ્સ લિમિટેડ, વગેરે જેવા અગ્રણી ક્લાયન્ટ્સ માટે મુખ્ય સપ્લાયર્સ પૈકીનું એક છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૫૮ કરોડના વેચાણ સામે ૨૯ કરોડ નો નફો નોંધાવ્યો હતો. OPM 11% જેવા રહ્યા હતા.શેરદીઠ ૪૧.૪૭ ની કમાણી સાથે ૧.૭૮ ના પીઈ પર કામકાજ કરી રહી છે. કંપનીએ તેનું દેવું FY15માં ૬૫૩ કરોડથી ઘટાડીને FY22માં ૧૧૭ કરોડ કર્યુ છે.કંપની છેલ્લા ઘણા સમય થી સારા પરિણામ દર્શાવી રહી છે.છેલ્લા ૫ વર્ષોમાં ૩૪.૪૨% CAGRના નફામાં સારો વધારો થયો છે.પાછલા મહિને શેરમાં ઉપલી સર્કિટો વાગીને ૧૦૦ જેવો ભાવ પોહ્ચ્યો હતો હાલ થોડા ઘટાડા સાથે ખરીદી કરવા સારી તક છે. કંપની ના શેરના ભાવ છેલ્લા ૧ વર્ષમાં ૫૦૦% જેવા વધ્યા છે, ઊંચા જોખમ રાખનાર શેરમાં ૯૫-૯૮ ના લક્ષ્યાંક માટે ચાલુ ભાવે ખરીદી કરી શકે છે.

## ૫) ઉષા માર્ટિન લિમિટેડ (517146 / USHAMART)

રૂ.૧ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૧૦૫.૮ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં ૧૬૫ અને નીચામાં ૫૦ ના ભાવ જોવાયા છે.કંપની મુખ્યત્વે સ્ટીલ વાયર, સેર, વાયર દોરડા, દોરી, સંબંધિત એસેસરીઝ વગેરેના ઉત્પાદન અને વેચાણમાં રોકાયેલ છે. તે અન્ય ઉત્પાદનો જેમ કે વાયર ડ્રોઇંગ અને સંલગ્ન મશીનોના વેચાણમાં પણ સામેલ છે.કંપનીની પ્રોડક્ટ ઓફરિંગમાં સ્ટીલ વાયર રોપ્સ, એલઆરપીસી, વાયર અને સ્ટ્રેન્ડ્સ, પ્રી-સ્ટ્રેસિંગ એક્સેસરીઝ અને સેવાઓ, રોપ મેકિંગ અને સંલગ્ન મશીનરી અને ટેલિકોમ કેબલનો સમાવેશ થાય છે.કંપનીના મોટા ભાગના ઉત્પાદનો મૂલ્ય-વર્ધિત છે કારણ કે તે ગ્રાહકોની આવશ્યકતાઓને આધારે કસ્ટમાઇઝ કરવામાં આવે છે, પરિણામે અન્ય કોમોડિટી ઉત્પાદનો કરતાં ઉચ્ચ અને વધુ સ્થિર અનુભૂતિ થાય છે.કંપની ભારતીય વાયર અને વાયર રોપ સ્પેસમાં માર્કેટ લીડર છે અને વૈશ્વિક સ્તરે ટોચના ૫ અગ્રણી ઉત્પાદકોમાં સામેલ છે.તે વિશ્વમાં વાયર રોપ્સ ની વિશાળ શ્રેણીમાંની એક ઓફર કરે છે.કંપનીના ઉત્પાદનો વિવિધ બિન-સંબંધિત અંતિમ-વપરાશકર્તા ઉદ્યોગોને પૂરી પાડે છે જેમ કે. એલિવેટર્સ, ખાણકામ, કન્ટેનર પોર્ટ ક્રેન્સ, માછીમારી વગેરે. હાલમાં, કંપની ભારત, થાઈલેન્ડ, યુએઈ અને યુકેમાં સ્થિત ૫ ઉત્પાદન સુવિધાઓની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે જે વાયર અને વાયર દોરડાના ઉત્પાદન સાથે સંકળાયેલા છે. તેની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા ૩૦૦૦૦૦ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. તે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની U M કેબલ્સ લિમિટેડ દ્વારા ભારતમાં સિલ્વાસામાં ટેલિકોમ કેબલ ઉત્પાદન સુવિધાની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૭૬૭ કરોડના વેચાણ સામે ૧૦૯ કરોડ નો નફો નોંધાવ્યો છે. OPM 14% જેવા રહ્યા હતા. શેરદીઠ ૯.૫૬ ની કમાણી સાથે ૧૨ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૫૫ ની બુકવેલ્યુ છે અને ૧૬૬૩ કરોડ ના રિઝર્વભંડોળ ધરાવે છે.કુલ ઇક્વિટીમાં ૪૯.૨૬% પ્રમોટર્સ, ૮.૭૪% FIIDII તથા ૪૨% હિસ્સો પબ્લિક ધરાવે છે. કંપની ના શેરનો ભાવ છેલ્લા ૧ વર્ષમાં ૯૦% જેટલો વધ્યો છે.કંપની આવનારા સમયમાં ઉત્કૃષ્ટ પરિણમયો દાખવી શકે છે.૧૩૦-૩૫ ના લક્ષ્યાંક સાથે ચાલુ ભાવે ખરીદી કરી શકાય.

## ૬) ટોક્યો પ્લાસ્ટ ઈન્ટરનેશનલ લિમિટેડ ( 500418 / TOKYOPLAST )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૮૫.૧૦ આસપાસ છે. પર સપ્તાહમાં ઉપરમાં ૧૩૧ અને નીચામાં ૭૫.૪ ના ભાવ જોવાયા છે. કંપની પ્લાસ્ટિક થર્મોવેર ઉત્પાદનોના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે.કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વિવિધ પ્રકારના પ્લાસ્ટિક ઇન્સ્યુલેટેડ વેરનો સમાવેશ થાય છે જેમ કે ઇન્સ્યુલેટેડ વોટર જગ, આઈસ કૂલર ચેસ્ટ, આઉટડોર આઈસ-બોક્સ, ફૂડ વોર્મર, હોટ ફૂડ કન્ટેનર, સ્ક્વેર કેસરોલ્સ વગેરે.કંપની તેની મોટાભાગની આવક ૭૫ દેશોમાં નિકાસ હાજરી સાથેની નિકાસમાંથી મેળવે છે.ઓસ્ટ્રેલિયા અને જર્મની માં સારી પકડ ધરાવે છે.કંપની કંડલા (ગુજરાત) અને દમણ (દમણ અને દીવ)માં ૨ ઉત્પાદન સુવિધાઓની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૦.૮૩ કરોડ ના વેચાણ સામે ૮૩ લાખનું નુકસાન નોંધાવ્યું હતું. ૬૧.૨ ની બુકવેલ્યુ ધરાવે છે અને ૪૮.૭ કરીદ જેટલા રિઝર્વભંડોળ છે. કંપની ના શેર હાલમાં કોન્સોલિડેશન ફેઝ માં છે ૯૦ ની ઉપર બોક્સ બ્રેકઆઉટ આવી શકે છે અને ૧૦૫-૧૦૮ ના ભાવ જોઈ શકાય.ઊંચા જોખમે ખરીદી કરી શકાય.

## ૭) રીટા ફાઈનાન્સ & લીઝિંગ (543256 )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૩.૮ આસપાસ છે.પર સપ્તાહમાં ઉપરમાં ૩૧.૪૦ અને નીચામાં ૧૦ ના ભાવ જોવાયા છે.કંપની NBFC તરીકે કાર્યરત છે અને ફાઇનાન્સ ને લગતી ગતિવિધિ સાથે સંકળાયેલી છે.કંપની ની કુલ ઇક્વિટીમાં ૭૧.૭% પ્રમોટર્સ, ૨૮.૨૬% હિસ્સો પબ્લિક ધરાવે છે.૪.૭૬ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે.શેરદીઠ ૧.૧૭ ની કમાણી સાથે ૨૧.૬ ના પીઈ પર કામકાજ કરી રહી છે.કંપની ના શેરમાં છેલ્લા કેટલાક સમયમાં મોટા વોલ્યૂમે તેજી જોવાઈ રહી છે અને મોટી બલ્ક ડિલ્સ પણ જોવા મળેલ છે.છેલ્લા સપ્તાહમાં શેરના ભાવમાં ૧૨.૮% અને મહિના માં ૩૦.૫૧% વધારો જોવાયો છે.આ શેરમાં સટ્ટાકીય તોફાનો જોઈ શકાય છે જેની વચ્ચે ૩૮-૪૦ ના ભાવ દેખાડી શકે.

## કમાણી કરી આપે તેવા શેરો

**D.Raval**

### ૧થી ૨૫ની કિંમતના શેર

| કંપની | ભાવ | સ્ટોપલોસ | ટાર્ગેટ |
|---|---|---|---|
| સેન્ટ્રમ કેપીટલ | ૨૦ | ૧૭ | ૨૪/૨૬ |
| પીબીએ ઇન્ફ્રા | ૧૪ | ૧૨ | ૧૬/૧૮ |
| ઇરોઝ મીડીયા | ૨૩ | ૨૦ | ૨૬/૨૮ |
| યશ બેન્ક | ૧૨ | ૧૦ | ૧૪/૧૫ |
| સુપ્રીમ એન્જી | ૨.૫૦ | ૨ | ૩.૧૦/૩.૨૫ |
| ગાયત્રી પ્રોજેક્ટ | ૧૬ | ૧૪ | ૧૮/૨૦ |

### ૨૫થી ૫૦ની કિંમતના શેર

| કંપની | ભાવ | સ્ટોપલોસ | ટાર્ગેટ |
|---|---|---|---|
| લોટ્સ આઈકેર | ૪૭ | ૪૪ | ૫૦/૫૨ |
| ડેક્કન હેલ્થ | ૩૨ | ૨૮ | ૩૪/૩૬ |
| વીએસએફ પ્રોજેક્ટ | ૩૨ | ૨૮ | ૩૪/૩૬ |
| શિવમ ઓટો | ૨૮ | ૨૫ | ૩૨/૩૫ |
| બોમ્બે વાયર | ૫૧ | ૪૮ | ૫૫/૫૬ |
| એમઆરઓ ટેક. | ૬૨ | ૫૮ | ૬૫/૬૮ |
| ફ્લોલેક્ષ ઇન્ડીયા | ૯૮ | ૯૪ | ૧૦૫/૧૧૦ |
| કોહીનુર ફુડ | ૮૨ | ૭૮ | ૮૪/૮૬ |
| જેએસબી પ્રોજેક્ટ | ૭૬ | ૭૪ | ૮૦/૮૪ |

### ૧૦૦થી ૨૦૦ની કિંમતની શેર

| કંપની | ભાવ | સ્ટોપલોસ | ટાર્ગેટ |
|---|---|---|---|
| ડેલ્ટા કોર્પ | ૧૮૫ | ૧૭૫ | ૧૯૫/૨૦૦ |
| ભગવતી ઓટો | ૧૬૫ | ૧૫૫ | ૧૭૫/૧૮૫ |
| એનીલ | ૧૭૨ | ૧૬૦ | ૧૮૦/૧૯૦ |
| ત્રિવેણી ટર્બાઈન | ૧૬૦ | ૧૫૦ | ૧૭૦/૧૮૦ |
| જ્યોતી લેબ | ૧૫૫ | ૧૪૫ | ૧૬૫/૧૭૫ |
| ગેબરીયલ | ૧૨૦ | ૧૧૦ | ૧૩૦/૧૪૦ |
| પુનાવાલા ફેનફોર્થ | ૨૨૭ | ૨૦૦ | ૨૪૦/૨૫૦ |
| ટાટા મોટર | ૩૯૦ | ૩૭૦ | ૪૨૦/૪૪૦ |
| વિપ્રો | ૪૦૦ | ૩૮૦ | ૪૨૦/૪૪૦ |
| આઈટીસી | ૨૬૩ | ૨૫૦ | ૨૮૦/૩૦૦ |
| હિન્દાલ્કો | ૩૩૩ | ૩૧૦ | ૩૫૦/૩૬૦ |
| કેપીઆઈ ટેક. | ૪૭૦ | ૪૪૦ | ૫૦૦/૫૨૦ |

### ૫૦૦થી ૧૦૦૦ની કિંમતના શેર

| કંપની | ભાવ | સ્ટોપલોસ | ટાર્ગેટ |
|---|---|---|---|
| ટાટા સ્ટીલ | ૯૦૬ | ૮૮૦ | ૯૩૦/૯૪૦ |
| ટેક મહેન્દ્ર | ૯૬૫ | ૯૫૦ | ૧૦૦૦ |
| આઈઆરસીટીસી | ૬૦૦ | ૫૭૦ | ૬૨૦/૬૪૦ |
| આઈસીઆઈસીઆઈ બેન્ક | ૬૯૦ | ૬૭૦ | ૭૦૦/૭૪૦ |
| પેટીએમ | ૬૩૦ | ૬૦૦ | ૬૫૦/૬૬૦ |
| પોલીસી બજાર | ૫૯૦ | ૫૬૦ | ૬૧૦/૬૩૦ |

### ૧૦૦૦થી ઉપરની કિંમતના શેર

| કંપની | ભાવ | સ્ટોપલોસ | ટાર્ગેટ |
|---|---|---|---|
| રિલાયન્સ | ૨૫૯૦ | ૨૫૪૦ | ૨૬૨/૨૬૬૦ |
| લાર્સન | ૧૪૯૦ | ૧૪૫૦ | ૧૫૫૦/૧૫૭૦ |
| ઇન્ફોસીસ | ૧૩૯૦ | ૧૩૫૦ | ૧૪૨૦/૧૪૫૦ |

# નિફ્ટી ફ્યુચર ૧૫૫૦૦ ઉપર ૧૫૭૭૭ ના ભાવ જોવા મળે, બેંક નિફ્ટી ફ્યુચર ૩૩૦૦૦ ઉપર ૩૩૫૦૦ના ભાવ જોવા મળે, નિફ્ટી ફ્યુચર ૧૫૦૦૦ નીચે બંધ આવતા ૧૪૭૩૦ના ભાવ જોવા મળી શકે છે



મહેન્દ્ર પંજાબી, નડિયાદ
Mo. 7575849743

## INVESTMENT CALL

Tata Power [210]ŒÚkk IEX [ 172] પાંચ વર્ષ માટે દરેક ઘટાડે ખરીદો પાંચ વર્ષમાં કંપની ની ફ્યુરિજોતા આ બન્ને શેરો ડબલ થઇ શકે છે.

## DELIVERY CALL

**ડીલીવરી કોલ** : પ્રીતિકા ઓટો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ જા ૧૪ સ્ટોપલોસ ૧૨ ટાર્ગેટ ૨૨ /૪૦ પ્રીતિકા ઓટો : ઓટો એન્સિલરી કંપની છે . આઈસર મોટર્સ ,મહિન્દ્રા, એસ એમ એલ ઈસુઝુ, ટાફી ,સ્વરાજ, ashok leyland બેકેસ ઈન્ડિયા વગેરે તેના ગ્રાહકો છે.

## COMMODITY

GOLD 5 AUG FUTURE : (51020) ૫૧૧૫૦ ઉપર ૫૦૮૨૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૫૧૨૨૦ / ૫૧૫૧૫ / ૫૧૭૬૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૫૦૮૨૦ નીચે વેચો નીચામાં ૫૦૫૬૦ / ૫૦૪૩૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૫૧૧૫૦ નોસ્ટોપલોસ રાખવો.

SILVER 5 JUL FUTURE : (61543) 61720 ઉપર ૬૧૧૦૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૬૨૧૦૦ / ૬૨૬૦૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૬૧૧૦૦ નીચે વેચો નીચામાં ૬૦૪૪૦ / ૬૦૦૦૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૬૧૭૨૦ નોસ્ટોપલોસ રાખવો.

CRUDE OIL 19 AUG FUTURE : (૮૮૬૩) ૮૯૧૫ ઉપર ૮૭૪૬ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૯૧૦૦ / ૯૨૪૦ / ૯૩૬૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૮૭૪૬ નીચે વેચો નીચામાં ૮૬૦૦ / ૮૫૨૦ / ૮૪૧૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૮૯૧૫ નોસ્ટોપલોસ રાખવો.

COOPER 30JUN FUTURE : (૭૪૭) ૭૫૩ ઉપર ૭૪૩ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૭૬૧ / ૭૬૭ / ૭૭૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૭૪૩ નીચે વેચો નીચામાં ૭૩૮ / ૭૩૨ / ૭૨૬ નાભાવ જોવા મળે વેચાણપેટે ૭૫૩ નોસ્ટોપલોસ રાખવો.

NATURAL GAS 27 JUN FUTURE : (૫૯૧) ૬૦૧ ઉપર ૫૭૩ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૬૨૨ / ૬૪૩ / ૬૬૬ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૫૭૩ નીચે વેચો નીચામાં ૫૫૫ / ૫૪૪ / ૫૩૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૬૦૧ નોસ્ટોપલોસ રાખવો.

ZINC 30JUN FUTURE : (૩૧૧) ૩૧૫ ઉપર ૩૧૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૩૧૯ / ૩૨૪ / ૩૩૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૩૧૦ નીચે વેચો નીચામાં ૩૦૬ / ૩૦૨ / ૨૯૮ નાભાવ જોવા મળે વેચાણપેટે ૩૧૫ નોસ્ટોપલોસ રાખવો.

## STOCK FUTURES

ADANI ENT.FUTURE : (૨૧૧૭) ૨૧૪૪ ઉપર ૨૧૨૨ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૧૬૫ / ૨૧૮૪ / ૨૨૦૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૨૧૨૨ નીચે વેચો નીચામાં ૨૦૮૧ / ૨૦૬૨ / ૨૦૩૩ નાભાવ જોવા મળે વેચાણપેટે ૨૧૪૪ નોસ્ટોપલોસ રાખવો.

ADANIPORTS FUTURE : (૬૭૧) ૬૯૨ ઉપર ૬૬૫ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૭૦૨ / ૭૧૪ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૬૬૫ નીચે વેચો નીચામાં ૬૫૬ / ૬૪૨ નાભાવ જોવા મળે વેચાણપેટે ૬૯૨ નોસ્ટોપલોસ રાખવો.

RELIANCE FUTURE : (૨૬૦૪) ૨૬૨૨ ઉપર ૨૫૫૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૬૭૨ / ૨૭૫૬ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૨૫૫૦ નીચે વેચો નીચામાં ૨૫૨૨ / ૨૪૮૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૨૬૨૨ નોસ્ટોપલોસ રાખવો.

MARUTI FUTURE : (૭૭૧૨) ૭૮૭૦ ઉપર ૭૬૬૧ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૮૦૮૦ / ૮૧૮૧ / ૮૨૬૬ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૭૬૬૧ નીચે વેચો નીચામાં ૭૫૭૫ / ૭૪૭૬ / ૭૩૭૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૭૮૭૦ નોસ્ટોપલોસ રાખવો.

TITAN FUTURE : (૧૯૪૩) ૨૦૧૦ ઉપર ૧૯૭૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૦૪૦ / ૨૧૧૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૧૯૭૦ નીચે વેચો નીચામાં ૧૯૪૨ / ૧૯૧૫ નાભાવ જોવા મળે વેચાણપેટે ૨૦૧૦ નોસ્ટોપલોસ રાખવો.

ITC FUTURE : (૨૬૪) ૨૬૭ ઉપર ૨૫૮ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૭૨ / ૨૭૮ / ૨૮૭ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૨૫૮ નીચે વેચો નીચામાં ૨૫૨ / ૨૪૫ નાભાવ જોવા મળે વેચાણપેટે ૨૬૭ નોસ્ટોપલોસ રાખવો.

BATAINDIA FUTURE : (૧૬૩૯) ૧૬૯૧ ઉપર ૧૬૫૨ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૧૭૧૦ / ૧૭૪૪ / ૧૭૯૫ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૧૬૫૨ નીચે વેચો નીચામાં ૧૬૩૨ / ૧૬૦૫ / ૧૫૭૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૧૬૯૧ નોસ્ટોપલોસ રાખવો.

SIEMENS FUTURE : (૨૩૩૭) ૨૪૦૦ ઉપર ૨૩૫૩ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૪૩૦ / ૨૪૮૮ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૨૩૩૭ નીચે વેચો નીચામાં ૨૩૨૪ / ૨૨૯૨ નાભાવ જોવા મળે વેચાણપેટે ૨૪૦૦ નોસ્ટોપલોસ રાખવો.

HINDALCO FUTURE : (૩૩૫) ૩૪૩ ઉપર ૩૩૪ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૩૫૨ / ૩૬૫ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૩૩૪ નીચે વેચો નીચામાં ૩૨૨ / ૩૧૦ / ૩૦૨ નાભાવ જોવા મળે વેચાણપેટે ૩૪૩ નોસ્ટોપલોસ રાખવો.

DLF FUTURE : (૩૦૪) ૩૧૧ ઉપર ૩૦૨ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૩૧૮ / ૩૨૪ / ૩૩૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૩૦૨ નીચે વેચો નીચામાં ૨૯૬ / ૨૮૮ નાભાવ જોવા મળે વેચાણપેટે ૩૧૧ નોસ્ટોપલોસ રાખવો.

TVS MOTORS FUTURE : (૭૩૭) ૭૫૨ ઉપર ૭૩૫ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૭૬૧ / ૭૭૨ / ૭૮૦ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૭૩૫ નીચે વેચો નીચામાં ૭૩૦ / ૭૨૩ / ૭૧૫ નાભાવ જોવા મળે વેચાણપેટે ૭૫૨ નોસ્ટોપલોસ રાખવો.

PVR FUTURE : (૧૭૦૨) ૧૭૪૫ ઉપર ૧૭૦૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૧૭૭૭ / ૧૮૦૨ / ૧૮૩૫ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૧૭૦૦ નીચે વેચો નીચામાં ૧૬૭૨ / ૧૬૪૦ / ૧૬૦૨ નાભાવ જોવા મળે વેચાણપેટે ૧૭૪૫ નોસ્ટોપલોસ રાખવો.

INDUSIND BANK FUTURE : (૮૧૦) ૮૨૪ ઉપર ૮૦૮ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૮૩૫ / ૮૪૬ / ૮૫૫ સુધી સુધારાની શક્યતા છે. નીચામાં ૮૦૮ નીચે વેચો નીચામાં ૭૯૫ / ૭૮૨ / ૭૭૦ નાભાવ જોવા મળે વેચાણપેટે ૮૨૪ નોસ્ટોપલોસ રાખવો.

Disclaimer : Equities and Commodities calls provided are for educational purpose only, if any one want to trade than take advice from your financial advisor before trading on this calls. We are not liable for any of the profit or loss raising from our provided calls for educational purposes.

**ઈન્વેસ્ટમેન્ટ શેરો અનુસંધાન પાના નં. ૩નું ચાલુ..**

ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. તાજેતરમાં શેરદીઠ રૂ.૩ ડિવિડન્ડ જાહેર કરેલ છે. RoCE અને RoE અનુક્રમે ૧૫.૩% અને ૧૦.૪% છે. કુલ ઈક્વિટીમાં ૪૬.૬૫% પ્રમોટર્સ, ૧૬.૯૫% FIIDII તથા ૩૬.૪૦% હિસ્સો પબ્લિક ધરાવે છે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં L&T, MSRDC, PWD, AAI, DMRC (દિલ્હી મેટ્રો) વગેરેનો સમાવેશ થાય છે.કંપની ને તાજેતરમાં Ircon ઇન્ટરનેશનલ લિમિટેડ તરફથી ઓર્ડર મળેલ છે.કંપનીને FY22 માં કુલ ૩૬૯૦ કરોડ ના ઓર્ડર મળેલ છે. માર્ચ -૨૦૨૨ ના રોજ કુલ ઓ-ર્ડરબુક ૧૧૯૪૦ કરોડ ની થયેલ છે જે FY22 ના વેચાણ ની ૩.૪ ગણી છે. કંપની મહારાષ્ટ્રમાં કુલ ઓર્ડરબુક ના ૬૬%, દિલ્હી ૨૬% અને ગુજરાત ૭% હિસ્સો ધરાવે છે.કંપની પાસે મેટ્રો, પાણી, ધોરીમાર્ગો, રસ્તાઓ, ઈમારતો અને હોસ્પિટલો માં મળીને કુલ ૨૦૦૦૦ કરોડ ની મજબૂત બિડ પાઈપલાઈન છે.કંપનીએ FY23 માં ૧૦૦-૧૨૦ કરોડના કેપેક્સ માટે માર્ગદર્શન આપ્યું છે. મજબૂત રોકડ સ્થિતિ અને સારી વર્કિંગ કેપિટલ ને લીધે મોટા પ્રોજેક્ટ્સ હાથ ધરવા અને હાલના પ્રોજેક્ટ્સ ચલાવવા માટે મજબૂત સ્થિતિ ધરાવે છે. ચાલુ ભાવે રોકાણ કરવા માટે સારી તક દેખાઈ રહી છે. મધ્યમગાળા માટે રોકાણ કરનારને આકર્ષક વળતર મળી શકે.

### ૬) ગ્લોબસ સ્પિરિટ્સ લિમિટેડ ( 533104 / GLOBUSSPR )

રૂ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૯૨૬.૭ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૭૬૦ અને નીચામાં ૪૦૮ ના ભાવ જોવાયા છે. તે મુખ્યત્વે ઈન્ડિયન મેડ ઈન્ડિયન લિકર (IMIL), ઈન્ડિયન મેઈડ ફોરેન લિકર (IMFL), બલ્ક આલ્કોહોલ હેન્ડ સેનિટાઈઝર અને ફ્રેન્ચાઈઝ બોટલિંગના ઉત્પાદન અને વેચાણના વ્યવસાયમાં સંકળાયેલું છે. તે સમગ્ર આલ્કોહોલ વેલ્યુ ચેઈનમાં હાજરી ધરાવતું એક અનોખું મોડલ ધરાવે છે. ભારતમાં ગ્રેઈન ડિસ્ટીલરી સ્થાપવા અને બ્રાન્ડેડ DDGs લૉન્ચ કરનાર તે પ્રથમ છે.તે ભારતમાં સૌથી મોટી અનાજ આધારિત એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ (ENA) ઉત્પાદક છે. તેણે ભારતની પ્રથમ ENA-આધારિત દેશી દારૂ NIMBOO ના લોન્ચ સાથે IMIL બ્રાન્ડિંગની પહેલ કરેલ છે. તેની પાસે રાજસ્થાન, હરિયાણા, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવા દારૂની ખાધ/સંતુલિત રાજ્યોમાં વ્યૂહાત્મક રીતે સ્થિત ૫ ઉત્પાદન એકમો છે.તેની ઓપરેટિંગ ક્ષમતાનો ૩૪% વેલ્યુ એડેડ પ્રોડક્ટ્સ (ફ્રેન્ચાઇઝી બોટલિંગ) માટે ઇન-હાઉસ વપરાય છે અને બાકીની અન્ય પ્રોડક્ટ્સ ના વેચાણ છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૪૭૯ કરોડના વેચાણ સામે ૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM 18% જેવા રહ્યા હતા.શેરદીઠ ૬૫.૦૨ ની કમાણી સાથે ૧૪.૬ ના પીઈ પર કામકાજ કરી રહી છે. બુકવૅલ્યુ ૨૬૮ છે અને ૭૪૪ કરોડના રિઝર્વભંડોળ ધરાવે છે.ચોપડે ૭૬ કરોડ જેટલી કેશ એકવીવલેન્ટ છે.કંપની સારો ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. તાજેતરમાં રૂ.૩ પ્રતિશેર ડિવિડન્ડ જાહેર કરેલ છે. RoCE અને RoE અનુક્રમે ૩૪% અને ૨૭.૬% છે. કુલ ઈક્વિટીમાં ૫૧.૦૧% પ્રમોટર્સ, ૬.૯૮% FIIDII તથા ૪૨.૦૧% હિસ્સો પબ્લિક ધરાવે છે.એકંદરે આવક વૃદ્ધિ પશ્ચિમ બંગાળમાં ક્ષમતા વિસ્તરણ અને ઉચ્ચ અનુભૂતિ દ્વારા સંચાલિત હતી. કન્ઝ્યુમર બિઝનેસનું પ્રદર્શન સ્થિર હતું, અને વેલ્યુ પ્લસ સેગમેન્ટનો હિસ્સો એકંદર વોલ્યુમમાં વધ્યો છે. મેન્યુફેક્ચરિંગ સેગમેન્ટે લગભગ ૩૧૩ કરોડ નું વેચાણ નોંધાવ્યું હતું જે અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ છે જે ૫૬% ૈરૂ અને ૭૯% ક્યોક વૃદ્ધિ છે. જથ્થાબંધ ENA/ઈથેનોલના જથ્થામાં 40.1mn લિટર સુધીનો ઉછાળો મુખ્યત્વે પશ્ચિમ બંગાળમાં ૧૪૦ KLPDની ક્ષમતા વધારા અને હરિયાણા અને બિહાર સુવિધાઓ પર કામગીરી ફરી શરૂ થવાને કારણે હતો.વધુમાં, સરેરાશ પ્રાપ્તિ ૮% YoY અને 11% QoQ વૃદ્ધિ થાકી ૫૮.૬ પ્રતિ લિટર સુધરી છે.ઓડિશા સાઈટ પર ૨૦૦ KLPD ક્ષમતા વધારા માટે જમીન સંપાદન (૨૫ એકર) પૂર્ણ થઈ ગયું છે અને FY23 માં બાંધકામ હાથ ધરવામાં આવશે. યુપીમાં વધુ ૨૦૦ દ્બન્ઢ ક્ષમતા વધારા માટે જમીન સંપાદન ચાલુ છે અને તેના માટે બાંધકામ હ્વરૂ૨૪ માં શરૂ થશે. ગ્લોબસ સ્પિરિટ્સે પશ્ચિમ બંગાળ અને ઝારખંડની સાઈટ્સ પર ૬૦ KLPDના બ્રાઉનફિલ્ડ વિસ્તરણની પણ જાહેરાત કરી હતી, જેમાં રૂ.૬૦ કરોડના એકંદર રોકાણ ખર્ચ સાથે અને Q4FY23 ના અંત સુધીમાં શરૂ થશે.આ સંપૂર્ણ ઉપયોગ પર વાર્ષિક આશરે રૂ.૨૦૦-૨૫૦ કરોડ ની અંદાજિત આવકની સંભાવના સાથે લગભગ ૪૦ મિલિયન લીટર વધારાની ઉત્પાદન ક્ષમતા ઉમેરાશે. કંપની નાણાકીય વર્ષ ૨૩ ના અંત સુધીમાં વર્તમાન ૬૬૫ KLPD થી કુલ ક્ષમતા વધારીને ૯૨૫ KLPD કરવાની યોજના ધરાવે છે, જે આશરે ૪૦% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે.કંપની ના નવા પ્રોડક્ટ્સ ને બજારમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને નવા ભૌગોલિક ક્ષેત્રો માં પ્રવેશી રહી છે. કંપની પાસે Mcdowell જેવી બ્રાન્ડ ના ફ્રેન્ચાઈઝી બોટલિંગ કરાર છે જેનો સારો ફાયદો થઇ રહ્યો છે.પશ્ચિમ બંગાળમાં પ્લાન્ટના બહેતર ઉપયોગ અને નવા પ્લાન્ટના કમિશનિંગ પાછળ વધુ મજબૂત H2FY22 ની અપેક્ષાઓ; આયોજિત નવી પ્રોડક્ટ લોન્ચ દ્વારા આધારભૂત ઉપભોક્તા સેગમેન્ટમાં કુલ જથ્થામાં મૂલ્ય વત્તા પોર્ટફોલિયોના હિસ્સામાં વધારો; અને ઉત્પાદનમાં સ્થિર માર્જિન, અનાજ-આધારિત ઈથેનોલના ભાવમાં વધારાની અપેક્ષા સાથે આવનારા સમયમાં સારા માર્જિન દર્શાવી શકે છે.કંપની દ્વારા માર્જિનમાં અપેક્ષિત સુધારા અને નીચા ટેક્સ દર માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને રોકાણ કરવા માટે આકર્ષક બની રહે. ચાલુ ભાવે ખરીદી કરવા લાયક શેર, ટૂંકા થી મધ્યમગાળામાં આકર્ષક વળતર મળી શકે.

## Eagle Eye



રાજ એમ. મહેતા મો. 78747 54804
E-Mail - raj.mehta6813@gmail.com

### ૧) વરુણ બેવરેજીસ લિમિટેડ (540180 / VBL )

રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેર નો ભાવ ૭૫૮ આસપાસ છે.૫૨ સપ્તાહમાં ઉપરમાં ૮૦૬ અને નીચામાં ૪૭૩ ના ભાવ જોવાય છે.કંપની ૧૯૯૦ ના દાયકાથી પેપ્સિકો સાથે સંકળાયેલું છે અને તે પીણા ઉદ્યોગમાં મોકાનું સ્થાન ધરાવે છે.વિશ્વમાં પેપ્સિકોની સૌથી મોટી ફ્રેન્ચાઇઝીમાંની એક છે. કંપની પેપ્સીકોની માલિકીના ટ્રેડમાર્ક હેઠળ વેચાતા કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ, નોન-કાર્બોનેટેડ પીણાં અને પેકેજ્ડ વોટરની વિશાળ શ્રેણીનું ઉત્પાદન અને વિતરણ કરે છે. કંપની દ્વારા ઉત્પાદિત અને વેચવામાં આવેલી પેપ્સીકો બ્રાન્ડ્સમાં પેપ્સી, સેવન-અપ, મિરિન્ડા ઓરેન્જ, માઉન્ટેન ડ્યૂ, ટ્રોપિકાના જ્યુસનો સમાવેશ થાય છે. વિખ્યાત ઉદ્યોગ-સાહસિક રવિકાન્ત જયપુરિયા આ કંપની નું સંચાલન કરે છે જે QSR અને ફ્રેન્ચાઈસી ઉદ્યોગો માં દેશ વિદેશ માં નામાંકિત છે.કંપની ભારતમાં ૩૨ અત્યાધુનિક ઉત્પાદન એકમો ધરાવે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૬ એકમો ધરાવે છે.તેની પાસે ૯૦ થી વધુ માલિકીના ડેપો, ૨૫૦૦ થી વધુ માલિકીનાં વાહનો, ૧૫૦૦ પ્રાથમિક વિતરકો અને હાલમાં ૭૭૫૦૦૦ વિઝી-કૂલર્સ સાથે મજબૂત સપ્લાય ચેઇન છે.કંપની એ ઓપરેશનલ કાર્યક્ષમતા અને ઉચ્ચ ગુણવત્તાના ધોરણોને સુનિશ્ચિત કરવા માટે અમુક સુવિધાઓમાં પ્રીફોર્મ્સ, ક્રાઉન્સ, પ્લાસ્ટિક ક્લોઝર, કોરુગેટેડ બોક્સ, કોરુગેટેડ પેડ્સ, પ્લાસ્ટિક ક્રેટ્સ અને સંકોચાઈ-લપેટી ફિલ્મોના ઉત્પાદન માટે બેકવર્ડ ઇન્ટેગ્રેશન કરેલ છે.કંપની ૨૦૩૯ સુધી પેપ્સિકો સાથે ટ્રેડમાર્ક લઈસન્સિંગ કરાર ધરાવે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૮૨૭ કરોડ ના વેચાણ સામે ૨૫૪ કરોડ નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM 19% જેવા રહ્યા હતા, શેરદીઠ ૧૨.૬૦ની કમાણી સાથે ૬૦.૪ ના પીઈ પાર કામકાજ કરી રહી છે.૩૬૪૭ કરોડ ના રિઝર્વભંડોળ ધરાવે છે.નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. અગાઉ ૨૦૨૧ અને ૨૦૧૯ માં ૧:૨ ના ગુણોત્તર માં બોનસ શેર ઈશ્યુ કરેલ છે.RoCE અને RoE અનુક્રમે ૧૭.૪% અને ૧૮.૬% છે.કંપની એ તાજેતર માં પેપ્સિકો સાથે 'કુરકુરે પફકોર્ન' ના ઉત્પાદન માટે કરારબદ્ધ ઉત્પાદન કરવા આગળ વધી રહી છે જેને માટે યુપીમાં નવો પ્લાન્ટ સ્થાપશે જે નવા ધંધાકીય ક્ષેત્રો કંપની માટે ખોલી રહી છે.એકવાર વરુણ તેની સ્નેક્સ ઉત્પાદન ક્ષમતાઓ સ્થાપિત કરી લે અને વ્યવસાયનો અનુભવ/નિપુણતા પ્રાપ્ત કરે, તે પેપ્સીની અન્ય ફૂડ બ્રાન્ડ્સના ઉત્પાદન માટે વધુ તકો આકર્ષિત કરશે.આ ઉનાળા ના સમય માં વેચાણવૃદ્ધિ જોઈ શકાય છે અને રેકોર્ડ વેચાણ થાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી.'સ્ટિંગ' નામ ની નવી પ્રોડક્ટ ના સારો પ્રતિસાદ મળી રહ્યો છે.ઝ્રૂ૨૧માં એકંદર વોલ્યુમના ૨૦% અને સંકલિત વેચાણમાં ૨૫% યોગદાન આપનાર આંતરરાષ્ટ્રીય વ્યાપાર, આવક વૃદ્ધિ સી૧૬-૨૧ ગાળામાં ૨૦% ઝ્રછય્ઇ દર્શાવે છે, તે સમયગાળામાં EBITDA ૩૮% CAGR ૫૨ વધ્યો છે. J&K અને બિહાર ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે કેપેક્સ કરેલ છે જેના માટે ૫૦૦ કરોડ જેટલો ખર્ચ થયેલ છે અને ૨૦૦ કરોડ જેટલો ખર્ચ આ વર્ષ માં થશે.આ વર્ષ માં બંને પ્લાન્ટ ઉત્પાદન શરુ કરશે તેવી વકી છે જેને લીધે અનેક નવી જગ્યામાં ધંધો વિસ્તાર પામશે. કંપનીએ CY14-21 સમયગાળામાં રૂ.૩૩૦ કરોડ ના સરેરાશ વાર્ષિક રન-રેટ સાથે છેલ્લાં આઠ વર્ષથી તેનો સકારાત્મક કેશફ્લૉ જાળવી રાખ્યો છે,મેનેજમેન્ટ તેના રોકડ પ્રવાહમાં સુધારો કરવા અને દેવું ઘટાડવાનું વિચારી રહ્યું છે.તેનું દેવું ૩૩૦૦ કરોડ છે જે ઘટીને ઝ્રૂ૨૩ માં ૯૯૦ કરોડ જેટલું થાય એવું કંપની નું માનવું છે.તાજેતરમાં ૧:૨ ના ગુણોત્તરમાં બોનસ શેર ઈશ્યુ કરેલ છે.મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, સ્ટિંગ, વેલ્યુ એડેડ ડેરી અને ટ્રોપિકાના જેવા નવા પ્રોડક્ટ સેગમેન્ટમાં માંગ મજબૂત રહી છે.માર્જિન ૨૦%-૨૨% ની રેન્જમાં રહેવું અપેક્ષિત છે કારણ કે તેમની પાસે ઁ અને ખાંડનો પૂરતો સ્ટોક છે, તેથી તે મોરચે કોઈ પડકાર નથી અને કેન્દ્રીય ભાવ પણ સ્થિર છે. દક્ષિણ અને પશ્ચિમ ભારતના નવા હસ્તગત કરાયેલા પ્રદેશોમાં વધારો, નવા લૉન્ચ કરેલા ઉત્પાદનોની વધુ સ્વીકૃતિ, ઑફિસો ખોલવા અને મુસાફરીની પ્રવૃત્તિ સાથે ઘરની બહાર વપરાશમાં વધારો, ગ્રામીણ અને અર્ધ-ગ્રામીણમાં વધતી જતી રેફ્રિજરેશન અને વધતી માંગને પગલે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પ્રદેશોમાં કામગીરીમાં વધારો જેવા કારણો ને પગલે કંપની સારા પરિણામો દર્શાવી શકે છે. ચાલુભાવે તેમજ ઘટાડે એકઠા કરવું સલાહભર્યું રહેશે.

### ૨) વેલસ્પન કોર્પ (532144 / WELCORP )

રૂ.૫ની ફાકવલાઉએ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૦૮ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૨૫૧ અને નીચામાં ૧૦૬ ના ભાવ જોવાયા છે. તે વૈશ્વિક સ્તરે મોટા વ્યાસના પાઈપોનું અગ્રણી ઉત્પાદક છે, જે તેની ઉચ્ચ ગ્રેડ લાઇન પાઇપની વિશાળ શ્રેણી સાથે તમામ લાઇન પાઇપ સંબંધિત જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન ઓફર કરે છે. આ પાઈપોનો ઉપયોગ તેલ, ગેસ અને ઓનશોર અને ઓફશોર ટ્રાન્સમિશન માટે થાય છે. તે વિશ્વની સૌથી મોટી વેલ્ડેડ લાઇન પાઇપ ઉત્પાદક કંપનીઓમાંની એક છે. વેલસ્પન કોર્પ લિમિટેડ (WCL) એ વન-સ્ટોપ સર્વિસ પ્રોવાઇડર છે જે 1½ ઇંચથી ૧૪૦ ઇંચ સુધીના એન્ડ-ટુ-એન્ડ પાઇપ સોલ્યુશન્સ ઓફર કરે છે. આ વ્યવસાય તેની કેટલીક મુખ્ય શક્તિઓ તરીકે વિશિષ્ટ કોટિંગ, ડબલ જોઈન્ટિંગ અને બેન્ડિંગ પણ પ્રદાન કરે છે. કંપની કુલ ૮ ઉત્પાદન એકમો ધરાવે છે જેમાં ના ૧ અમેરિકા અને અન્ય ૧ ઁછઈ માં સ્થિત છે.ભારતમાં સ્થિત ઓપરેશન્સ કુલ ૧૬૫૦ KMTPA (કિલો મેટ્રિક ટન પ્રતિ વાર્ષિક) ઉત્પાદન કરી શકે છે,યુએસ ઓપરેશન્સ અને સાઉદી ઓપરેશન્સ.અનુક્રમે ૫૨૫ KTPA અને ૩૭૫ KTPAની ક્ષમતા સાથે કાર્યરત છે. વિશ્વની કેટલીક મોટી પેટ્રોલિયમ કંપનીઓ માટે પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉત્પાદન કરે છે જેમાં સાઉદી Aramco, Shell, TOTAL, Chevron, Exxon Mobil, Transcanada, Energy Transfer, વગેરે. નો સમાવેશ થાય છે.તેની બિઝનેસ ગ્રોથ એન્ડ ડાઇવર્સિફિકેશન વ્યૂહરચનાના ભાગરૂપે, ડક્ટાઇલ આયર્ન પાઇપ બિઝનેસમાં પ્રવેશવા માટે અંજાર ખાતે અત્યાધુનિક ગ્રીનફિલ્ડ સુવિધા સ્થાપી રહી છે. તેણે વ્યવસ્થાની યોજના દ્વારા વેલસ્પન સ્ટીલ લિમિટેડ (WSL)નો સ્ટીલ બિઝનેસ પણ હસ્તગત કર્યો છે. આ સંપાદન દ્વારા, કંપની BIS પ્રમાણિત સ્ટીલ બિલેટ્સ, ડાયરેક્ટ રિડ્યુસ્ડ આયર્ન, ટીએમટી રેબાર, સ્ટેનલેસ અને એલોય સ્ટીલ અને સ્ટેઈનલેસ સ્ટીલ ટ્યુબ્સ અને પાઈપ્સનું ઉત્પાદન કરીને મૂલ્ય ઉમેરવાનું વિચારે છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૦૧૧ કરોડના વેચાણ સામે ૨૩૬ કરોડ જેટલો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.ઓપમ ૫% જેવા રહ્યા હતા. ૧૬.૮૨ ની શેરદીઠ કમાણી સાથે ૧૧.૯ ના પીઈ ૫૨ કામકાજ કરી રહી છે. ૧૭૦ની બુકવેલ્યુ છે અને ૪૨૯૮ કરોડ ના રિઝર્વભંડોળ ધરાવે છે. RoCE અને RoE અનુક્રમે ૧૩.૭% અને ૧૦.૭% છે. ચોપડે ૭૦૦ કરોડ જેટલી કેશ એકવીવલેન્ટ છે અને ૨૩૦૦ કરોડ જેટલા રોકાણો ધરાવે છે.કુલ ઇક્વિટીમાં ૫૦.૦૧% પ્રમોટર્સ, ૧૬.૬૪% FIIDII તથા ૩૩.૩૫% હિસ્સો પબ્લિક ધરાવે છે.કંપની નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે.તાજેતરમાં શેરદીઠ રૂ.૫નું ડિવિડન્ડ જાહેર કરેલ છે.કંપનીએ યુ.એસ.માં પાઈપોના સપ્લાય માટે રૂ. ૫૦૦૦ કરોડના મૂલ્યનો અત્યાર સુધીનો સૌથી મોટો ઓર્ડર જીત્યો છે.વર્તમાન વૈશ્વિક ઓર્ડર બુક ૯૨૫ KMT છે જેની કિંમત રૂ. ૧૨,૨૫૦ કરોડ જેટલી છે અને ૧૨૫૦ KMT ની એકટીવ બીડ બુક ધરાવે છે.કંપની લોન્ગ પાઇપ્સ ઉત્પાદકો માં વિશ્વમાં ટોચના ૩ માં સ્થાન ધરાવે છે.કોપનય ની UAEની સબ્સિડરી ત્યાં ના સ્થાનિક સ્ટોક એક્સચેન્જ માં લિસ્ટેડ છે. ભારતમાં સરકારી કેપેક્સ માં વધારો અને ગ્રીન એનર્જી ના પ્રોત્સાહન ને લીધે કંપની ના ઉત્પાદો ની સારી માંગ આવી શકે છે.કંપનીએ છેલ્લા ૩ વર્ષમાં ૯૯.૭૧% ની સારી નફામાં વૃદ્ધિ દર્શાવી છે, તેના ઋણમાં ૨૭૬.૪૯ કરોડનો નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને ઇંટ્રેસ્ટ કવેરાગે રેશિયો ૨૬.૭૩ જેવો છે.કંપની ની મજબૂત ઓર્ડર બુક, સ્વસ્થ નાણાકીય પરિણામો અને આવનારી માંગ ને જોતા રોકાણ કરવા માટે આકર્ષક બની રહે. ચાલુ ભાવે તેમજ ઘટાડે એકઠા કરી શકાય, મધ્યમગાળે અભૂતપૂર્વ વળતર મળી રહે.

### ૩) ઈન્ટરનેશનલ કન્વેયર્સ (509709 / INTLCONV )

રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેર નો ભાવ ૫૫.૧૦ આસપાસ છે. ૫૨ સપ્તાહ માં ઉપરમાં ૧૦૩ અને નીચામાં ૪૯.૪ ના ભાવ જોવાય છે. કંપની સોલિડ PVC કવર્ડ કન્વેયર બેલ્ટ્સ ના ઉત્પાદન અને માર્કેટિંગ માં રોકાયેલી છે. આ બેલ્ટ્સ અગ્નિશામક, એન્ટિસ્ટેટિક છે અને તેનો ઉપયોગ મુખ્યત્વે કોલસો અને પોટાશ જેવા ખનિજોના પરિવહન માટે ભૂગર્ભ ખાણોમાં થાય છે. કંપની વિશ્વમાં સોલિડ વૂવન બેલ્ટિંગના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે અને તેની પાસે ૩૧૫૦ kN/m પહોળાઈની મજબૂતાઈ અને 1800mm સુધીના બેલ્ટ્સ પહોળાઈ સુધી કન્વેયર બનાવવાની ક્ષમતા સાથે સંપૂર્ણ ઉત્પાદન શ્રેણી છે.કંપની પાસે ઔરંગાબાદ અને ફાલ્ટા SEZમાં સ્થિત ૨ ઉત્પાદન સુવિધાઓ છે જેની વાર્ષિક ઉત્પાદનક્ષમતા અનુક્રમે ૭૦૦૦૦૦ મીટર અને ૪૨૫૦૦૦ મીટર છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૫૭.૭૮ કરોડ ના વેચાણ સામે ૨.૭૬ કરોડ નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM ૧૦.૨૫% જેવા રહ્યા હતા. શેરદીઠ ૨.૪૦ ની કમાણી સાથે ૨૩.૨ ના પીઈ પાર કામકાજ કરી રહી છે.બુકવેલ્યુ ૩૨ છે અને ૨૧૦ કરોડ ના રિઝર્વભંડોળ ધરાવે છે. કંપની નિયમિત ડિવિડન્ડ રેકોર્ડ ધરાવે છે. તાજેતરમાં શેરદીઠ રૂ.૧નું ડિવિડન્ડ જાહેર કરેલ છે. RoCE અને RoE અનુક્રમે ૧૪.૨% અને ૮.૭૪% છે. આ ઉપરાંત કંપની ૫ જેટલી વિન્ડમિલ્સ ધરાવે છે જે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ માં આવેલી છે. FY22 માં ૧.૮ કરોડ જેટલી આવક રિન્યૂએબલ એનર્જી માં થી મેળવી છે. કુલ ઇક્વિટી માં ૬૫.૯૭% પ્રમોટર્સ, ૪.૬૩% FIIDII તથા ૨૯.૪૦% હિસ્સો પબ્લિક ધરાવે છે. છેલ્લા ૨ વર્ષ માં પ્રમોટર એ કંપની માં હિસ્સો વધાર્યો છે.હાલ માં પણ ચાલુ બજાર માંથી પ્રમોટર ગ્રુપ દ્વારા શેર એકઠા થઇ રહ્યા છે. Debtor Days (જે ગ્રાહકો દ્વારા કેટલા સમય માં ઉધાર ચૂકતે થાય છે તે દર્શાવે છે) માં સુધારો જોવા પામ્યો હતો. કંપની તેના વેચાણ નો ૮૫% જેવો હિસ્સો નિકાસ માંથી મેળવે છે જેમાં મુખ્યત્વે અમેરિકા અને કેનેડા નો સમાવેશ થાય છે. કંપની ના ક્લાઈન્ટ માં ટાટાસ્ટીલ, કોલઇન્ડિયા, શ્રી સિમેન્ટ નો સમાવેશ થાય છે જયારે વૈશ્વિક ક્લાઈન્ટ માં Rosebud, BeltTech, Mosaic, Nutrien જેવી કંપની નો સમાવેશ થાય છે.કંપની જે વ્યવસાય સાથે સંકળાયેલી છે તેમાં ઉચ્ચ પ્રવેશ અવરોધો રહેલા છે જેના કારણે નવી હરીફાઈ ના ઓછા જોખમો છે.કંપની એ દેવા માં સારો ઘટાડો કર્યો છે અને હાલ દેખીતી રીતે નેટ ડેટ ફ્રી છે.કંપનીએ છેલ્લા ૫ વર્ષમાં ૩૮.૯૦% ઝ્રછય્ઇ થી નફામાં સારો વધારો કર્યો છે.આ ઉપરાંત અનુકૂળ માઇનિંગ પોલિસી ને લીધે માઇનિંગ ક્ષેત્રે સારા મૂડીરોકાણ જોવાઈ રહ્યા છે જેને લીધે સીધી રીતે કંપની ને ફાયદો થઇ શકે છે. કંપની કુલ ૧૪૭ કરોડ ના રોકાણો ધરાવે છે જેના વેચાણ ની મંજૂરી હાલ મળેલી છે જેના પગલે ૭૬ કરોડ જેટલી રકમ એસ્પ્રો ઇન્ટરનેશનલ ના શેર વેચાણ થાકી મેળવશે. વર્ષાન્તરે સારી વૃદ્ધિ નફાકારતા માં દેખાડી રહી છે. ચાલુ ભાવે રોકાણ કરવું સલાહભર્યું રહેશે.ટૂંકા થી મધ્યમગાળા માં આકર્ષક વળતર મળી રહે.

### ૪) FDC લિમિટેડ (531599 / FDC)

રૂ.૧ની ફેસવેલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૪૦ આસપાસ છે.૫૨ સપ્તાહમાં ઉપરમાં ૩૮૯ અને નીચામાં ના ભાવ જોવાયા છે. તે ભારતની અગ્રણી સંપૂર્ણ સંકલિત ફાર્માસ્યુટિકલ કંપનીઓમાંની એક છે. કંપની વિશિષ્ટ ફોર્મ્યુલેશનના ઉત્પાદનમાં અને ઓરલ રિહાઈડ્રેશન સોલ્ટ (ORS)ના વિશ્વના અગ્રણી ઉત્પાદકો અને માર્કેટર્સમાં અગ્રણી છે. ભારતમાં FDCની કેટલીક અગ્રણી બ્રાન્ડ્સમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં Zifi, Electral, Enerzal, Vitcofol, Pyrimon, Zocon, Zathrin, Zipod, Cotaryl અને Mycoderm નો સમાવેશ થાય છે.કંપની વિશ્વભરના ૫૦ થી વધુ દેશોમાં નિકાસ કરે છે.યુએસએ નિકાસ વેચાણમાં મુખ્ય ફાળો આપનાર છે એટલે કે કુલ વેચાણના ૫૧%. અન્ય દેશોમાં ડેનમાર્ક, યુકે, સિંગાપોર, નેપાળ, ન્યુઝીલેન્ડ, જાપાન, મલેશિયા, હોંગકોંગ અને ઇથોપિયાનો સમાવેશ થાય છે.કંપની સક્રિય ફાર્માસ્યુટિકલ્સ ઘટકો (APIs) તેમજ ફિનિશ્ડ ડોઝ ફોર્મ્સ માટે વૈશ્વિક સ્તરે માન્ય, મલ્ટિ-લોકેશન મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ પણ સેટ-અપ કરી છે. આ સુવિધાઓ મહારાષ્ટ્રમાં રોહા, વલુજ અને સિન્નાર, ગોવામાં વર્ના અને હિમાચલ પ્રદેશમાં બદ્દી ખાતે આવેલી છે.કંપનીનું R&D કેન્દ્ર કાંદિવલી (મુંબઈ) ખાતે આવેલું છે અને તે ફોર્મ્યુલેશન, સિન્થેટીક્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજીના સંશોધન સાથે સંકળાયેલું છે. કંપની ૩૦૦ થી વધુ ઉત્પાદનોનું માર્કેટિંગ કરે છે. માર્ચ ત્રિમાસિકગાળામાં ૩૪૧ કરોડના વેચાણ સામે ૧૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. OPM ૬% જેવા રહ્યા છે.૧૨.૮૨ ની શેરદીઠ કમાણી સાથે ૧૮.૩ના પીઈ ૫૨ કામકાજ કરી રહી છે. બુકવેલ્યુ ૧૧૬ છે અને ૧૯૪૦ કરોડના રિઝર્વભંડોળ ધરાવે છે. કંપની દેખીતી રીતે નેટ ડેટ ફ્રી છે. ચોપડે ૮૮૦ કરોડ જેટલા રોકાણો ધરાવે છે. સારી એવી લેન્ડબેંક પણ ધરાવે છે. RoCE અને RoE અનુક્રમે ૧૫.૬% અને ૧૧.૭% છે. કુલ વેહકેનમાં નિકાસનો હિસ્સો ૧૪% જેટલો છે. સૌથી વધુ અવાક ૩૫% જેટલો હિસ્સો એન્ટી- ઇન્ફેક્ટિવ્સ માં થી મેળવે છે ત્યારબાદ ૨૬% ગેસ્ટ્રો ઇન્ટેસ્ટીનલ ૮% વિટામિન્સ અને મીનેરાલ્સ માંથી તથા બાકીનો હિસ્સો અન્ય સેગમેન્ટ માંથી મેળવે છે.કંપની ની ૬ જેટલી બ્રાન્ડ તેના સંલગ્ન ક્ષેત્રમાં ટોચનું સ્થાન ધરાવે છે.કંપની ઉંચે બ્રાન્ડ બજારનો કુલ ૨૪% જેટલો હિસ્સો ધરાવે છે અને Electral ૭૨% હિસ્સો ધરાવે છે.કંપની આવનારા

અનુસંધાન પાના નં. ૧૨ ઉપર

# મંદીવાળાના બુલડોઝરે ભારત સહિત વિશ્વના શેરબજારો ધરાશાયી : પ્રત્યાઘાતી મોટા ઉછાળાનો આશાવાદ

## ફૂગાવો, વ્યાજદર, મોંઘવારી, ક્રૂડના વધતા ભાવોએ મોટી મંદીની દહેશતે ડામાડોળ અને પ્રવાહી સ્થિતિમાં બજાર

## હજી પ્રત્યાઘાતી ઉછાળાને તેજી સમજવી નહીં : નવા સપ્તાહમાં ભ્રામક તેજી : મંદીના સિલસિલા સામે રોલર કોસ્ટર જોવાતું રહે : બજાર હજી નવા તળિયા બતાવશે ?

વીતેલા સપ્તાહ દરમિયાન ભારત સહિત વિશ્વભરના શેરબજારોમાં મંદીની સુનામીએ અસહ્ય ખાના ખરાબી જોવાઈ છે. ઈન્વેસ્ટરો, ટ્રેડરો તથા રોકાણકારો આ અણધારી મહામંદીને પગલે ખુવાર થઈ ગયા છે. છેલ્લા એક સપ્તામાં રોકાણકારોની સંપતિમાં ૧૫ લાખ કરોડની સંપતિનું ધોવાણ થઈ ગયું છે. અગ્રણી જાતોના ભાવો ૩થી ૧૦ ટકા જેટલા તૂટયા છે અને તૂટતા ભાવો પણ મંદીના ગભરાટે કોઈ લેનાર નહીં હોવાથી મંદીએ વધુ વિકરાળરુપ ધારણ કર્યુ છે. બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટના પ્રથમ પાને છેલ્લા કેટલાક સમયથી સતત નિર્દેશો અપાતા રહ્યા છે કે, બજારથી દૂર થઈ જાવ. બજારમાં મંદીએ પગપેસારો કરી દીધો છે. દરેક ઉછાળા છેતરામણા બને. એવરેજ કવાથી બચજો. વિશ્વ મહાકાય આર્થિક મંદીના પગથિયે આવી ગયું છે અને ભારતીય રિઝર્વબેંકે રેપોરેટમાં ૦.૫૦ ટકાની જાહેરાત કર્યા બાદ યુએસએ ફેડરલ બેંકે એક સામટો ૦.૭૫ ટકાના વ્યાજ વધારાનો ડોઝ આપવા ઉપરાંત આગામી સમયમાં પણ ફૂગાવો, મોંઘવારીને નાથવા વધુ વ્યાજ ઘટાડાની જાહેરાતોના કરાશે તેવા આપેલા નિવેદનો, જાપાન સહિત અન્ય દેશોએ પણ વ્યાજદર વધારવાના કરેલા નિર્ણયોએ વિશ્વભરના શેરબજારોમાં મંદીના કડાકા બોલાઈ જતાં છેલ્લા ૨ વર્ષની તેજીના માહોલ બાદ દરેક દેશોના શેરબજારો ડામાડોળ બની તેજીના શિખરો પરથી મંદીની ખાઈમાં ગબડવા પામ્યા છે. ભારતીય શેરબજારો તો નવા તળિયા શોધી રહ્યા છે અને જે હાલત છે તે જોતાં નજીકના સમયમાં આવતા તમામ ઉછાળા અલ્પજીની નીવડતા જોવાશે અને ઈન્ડેક્ષો કયાં જઈ નીચી સપાટીથી અટકશે તે પ્રશ્નનો જવાબ ઢૂંઢતે રહો જેવો બની રહેશે તેમ અત્યારે જણાય છે. ઈન્ડેક્ષોમાં સેન્સેક્સ છેલ્લા સપ્તાહમાં સતત ૬ દિવસ ઘટી ૫.૪૨ ટકા અને નિફ્ટી ૫.૬૧ ટકા, સ્મોલકેપ ઈન્ડેક્ષ તથા મીડકેપ ઈન્ડેક્ષ અનુક્રમે ૫.૩૧ ટકા તથા ૬.૬૭ ટકા ઘટતાં રોકાણકારોનું અસહ્ય નુકશાન થઈ રહ્યું છે. રોકાડાના શેરોમાં સતત વેચવાલીએ તાજેતરની તેજીની ચિતરાયેલી સ્લેટ કોરી થઈ રહી છે. જયાં આંગળી મૂકો ત્યાં સેલ સેલના સંકેતો જોવાઈ રહ્યા છે.

શેરબજારની ભાવિની ભીતરમાં



યોગેશ શાહ

વીતેલા સપ્તાહમાં તમામ કામકાજના ૬ દિવસોમાં બજાર મંદીના બજારમાં ફસાતું જોવાયું છે. આવતા પ્રત્યાઘાતી ઉછાળા અત્રેથી જણાવ્યા મુજબ છેતરામણા બની રહ્યા છે. સેન્સેક્સ બે વર્ષની સૌથી નીચી સપાટી ૫૧૦૦૦ નજીક ૫૧ ૩૬૦.૪૨ના મથાળે સાપ્તાહિક ૨૯૪૩.૦૨ પોઈન્ટ (૫.૪૨ ટકા )ના ઘટાડા સાથે બંધ રહ્યો છે. જયારે નિફ્ટીએ ૨૦૦ દિવ્સની મુવીંગ એવરેજ તોડી ૧ ૫૩૦૦ નીચે ૯૦૮.૩૦ પોઈન્ટ (૫.૬૧ ટકા)ના ઘટાડા સાથે ૧૫૨૯૩.૫૦ની નીચી સપાટીનો જોવાયો છે. સ્મોલકેપ ઈન્ડેક્ષ ૫.૩૧ ટકા અને મીડકેપ ઈન્ડેક્ષ ૬.૬૩ ટકા ઘટવા પામેલ છે. ગત સપ્તાહના આરંભે સોમવારે એક જ દિવસમાં સેન્સેકસમાં ૧૪૫૬.૭૫ પોઈન્ટ અને નિફ્ટીમાં ૪૨૭.૪૦ પોઈન્ટનો જોરદાર કડાકો જોવાયો છે. અમેરીકા, એશિયા, યુરોપ અને ચાઈનાના બજારોમાં પણ તીવ્ર મંદી જોવાઈ છે. વધતા વ્યાજદરો, માઝા મૂકતી મોઘવારી, વધતો ફૂગાવો ડોલર સામે નબળો બની ગયેલ રુપિયો ક્રૂડના ઉછળતા ભાવો, એફઆઈઆઈની એકધારી સાર્વત્રિક વેચવાલીનું દબાણ કોરોના નવો વેવ શરુ થયાની દહેશત, નબળા ગ્લોબલ સંકેતો, વોલાલિટી ઈન્ડેક્ષ ૧૦૫ની સપાટી પાર કરી ગયાના હેવાલો, મંદીવાળાની હલ્લાબોલ વેચવાલી, ચારેબાજુ ગવાતા મંદીના મરશીયા, બોન્ડ યીલ્ડમાં સતત ઉછાળો, જીઓ પોલીટીકલ ટેન્શન યથાવત રહેતાં બજારના સેન્ટીમેન્ટ પર વ્યાપક મંદીની અસર વર્તાઈ છે. ભારે નવા સપ્તાહમાં બજાર કઈ દિશામાં ચાલ બતાવશે તે કહેવું કોઈ માટે મુશ્કેલ બની ગયેલ છે. હાલ નિફ્ટી ૧૬૭૯૩ની ઉંચી સપાટીથી લગભગ ૧૫૦૦૦૦ પોઈન્ટ ગગડી ૧૫૩૦૦ નીચે ૧૫૨૯૩ના મથાળે બંધ છે. હવે ૧૫૦૦૦ તૂટતાં ૧૪૮૦૦-૧૪૯૦૦ ટેકાની સપાટીઓ છે. બજાર અતિશય ઓવરસોલ્ડ પોઝીશનમાં છે. સોમવારે અમેરીકાના બજારો બંધ છે તે જોતાં જાણકારોના અને નવા સપ્તાહમાં જોરદાર વેચાણો કપાતાં પ્રત્યાઘાતી મોટો ઉછાળો જોવા મળી શકે છે. હવે જયાં સુધી ૧૪૮૦૦/૧૫૦૦૦ કુદાવે નહીં ત્યાં સુધી ઉછાળે નફો બુક કરવો. નવા સપ્તાહમાં ગ્લોબલ સંકેતો, ડોલર-રુપિયાની વધઘટ, ક્રૂડના ભાવો, એફઆઈઆઈની વેચવાલી તથા રાષ્ટ્રપતિની ચૂંટણીનું આગમન, ચોમાસુ સત્ર ૧૮ જુલાઈથી શરુ થશે. આ ઈવન્ટો ઉપર બજારની નજર રહેશે. ટુંકમાં નવા સપ્તાહમાં નિફ્ટીમા ૧૪૮૦૦/૧૬૦૦૦ની વિશાળ રેન્જમાં અને નજીકમાં ૧૫૦૦૦/૧૫૭૦૦ની ઉપરની રેન્જ બતાવી શકે છે. બેંકનિફ્ટીએ ૩૩૦૦૦ની સપાટી તોડીને ૩૨૨૫૦/૩૨૦૦૦ ઝોનમાં પ્રવેશ કર્યો છે. હવે ૩૩૩૩૩ ઉપરમાં નજીકની પ્રતી-કારક સપાટી છે. તે ઉપર ૩૩૫૦૦ બતાવે. બેંકિંગ શેરોમાં વ્યાપક મોટા ઉછાળાની શકયતા અવગણી શકાય નહીં.

## હોટકેક શેરો

**ડેલ્ટા કોર્પ (૧૮૪)** ૧૭૦ના સ્ટોપલોસે ખરીદો ઉપરમાં ૨૦૫નો ભાવ જોવાય.

**જીએસએલ ઈન્ફોટેક (૨૩૯)** ૨૧૫ના સ્ટોપલોસે ખરીદો ઉપરમાં ૨૭૦-૨૭૫નો ભાવ આવે.

**રીટા ફાઈનાન્સ -** (૨૪.૫૦) ૨૧ના સ્ટોપલોસે ખરીદો ૨૯ ઉપર ૩૦થી ૩૩નો ભાવ બતાવે.

**લોટસ આઈ (૪૭.૫૦)** ૪૨ના સ્ટોપલોસે લેવું. ઉપરમાં ૪૮-૫૨નો ભાવ જોવાય.

**વીઆઈપી ઈન્ડ. -** (૫૯૬) ૫૪૫ના સ્ટોપલોસે ખરીદો ઉપરમાં ૬૫૦નો ભાવ બતાવે.

**સુપ્રીમ એન્જી. - (૨.૫૦)** ૨.૬૦ના સ્ટોપલોસે ૩.૨૦-૩.૫૦ના ટાર્ગેટથી ખરીદો.

**ડેન્ગી ડેમ (૩૩૦) ૩૦૦ના** સ્ટોપલોસે તાકીદ ખરીદી કરનારને ૫૦ની તેજીની પીઠ મળશે.

**અપાર ઈન્ડ. (૯૧૫) ૮૫૦-૮૭૫ના** ટેકાએ ખરીદો ૧૦૫૦-૧૧૦૦નો ભાવ બતાવે.

**વા-ટેક વાબાગ (૨૪૧)** ૨૨૫ના સ્ટોપલોસે લેવું. ૨૬૦-૨૭૦નો ભાવ બતાવે.

**સનટીવી (૪૩૩)** ૪૧૦ના સ્ટોપલોસે લેવું. ૪૭૫-૫૦૦નો ભાવ જોવાય.

**વેલસ્પન કોર્પ (૨૦૮)** ૧૯૦ના સ્ટોપલોસે લેવું. ૨૨૫-૨૩૫ જોવાય.

**ટીએનઈ (૧.૫૫)** પૈસા પડી ગયા છે સમજી ખરીદો ગમે ત્યારે ભળતી તેજી છતી આ શેર લોટરી બને.

**આશાહી ઈન્ડીયા (૪૬૩)** ૪૪૦ના સ્ટપલોસે ખરીદો ઉપરમાં ૫૨૫-૫૫૦નો ભાવ આને.

**એલજી ઇક્વીચમેન્ટ (૩૮૯)** ૩૬૦ના સ્ટોપલોસે લેવું ઉપરમાં ૪૦૦-૪૩૬નો ભાવ બતાવે.

**અદાણી પાવર** (૨૬૧) ૨૨૫ના સ્ટોપલોસે ખરીદો ઉપરમાં ૨૭૫-૩૦૦નો ભાવ મળે.

## બજારની વાત

- ભારત ફોર્સમાં ૬૦૦ના સ્ટોપલોસે ૫૦૦-૫૭૦ના ટાર્ગેટથી વેચો.
- ઈન્ડસ્યુલ બેંક ૮૫૦ના સ્ટોપલોસે ૭૫૦-૭૩૦ના ટાર્ગેટથી વેંચો.
- લોરસેડ લેબ ૫૪૦ના સ્ટોપલોસે ૪૫૦થી ૪૪૦ના ટાર્ગેટથી વેચો.
- વિતેલા સપ્તાહમાં એકધારી સતત વેચવાલીએ ભારતીય શેરબજારમાં મંદીના ઘોડાપુર જોવાયા છે. રાકેશ જુનજુનવાલાને તેમના પોર્ટફોલિયોમાં શેરો ટાઈટન અને સ્ટાર હેલ્થકેર એપાઇડ ઈન્સ્યુરનના શેરમાં જોવાયેલ ગાબડાના પરિણામે ૮૪૦ કરોડનું ભારે નુકસાન થયું છે. ટાઈટનો શેર છેલ્લા ૩ મહિનામાં ૨૮.૩૨ ટકા ઘટ્યો છે. સેન્સેક્સમાં ૧૧.૨૬ ટકાનો ઘટાડો જોવાયો છે. સ્ટાર હેલ્થનો શેર ૨૦૨૨ના વર્ષમાં ૧૭ ટકાના ઘટાડો જોવાયો છે.
- ભારતીય શેરબજારમાં વિતેલા બજારમાં ઉણપ ૬ દિવસોમાં એકધારી મંદીએ નિફ્ટી ૧૫૩૦૦ નીચે જતી રહી છે.જયારે બેંક નિફ્ટીની ૩૨૫૦૦ નીચે બંધ રાખે તેવા તળિયાના ભાવો બતાવેલ છે. વર્તમાન સંજોગોમાં હજુ બજાર મંદીથી સપાટી પગલે અસાધારણ વેચવાલી બનાવતું જોવાય. ટાઈટન, ઈન્ડીયા માર્ટ, એજકાલીલ, પેટ્રોનેટમાં હજુ વધુ ઘટાડો જોવાય તો નવાઈ નથી. આરબીએલ બેંક, ગુજરાત ગેસ, પીબીઆર, ડેવીઝ લેબ, વિગેરે શેરોમાં મંદીની લાંબી પોઝીશન ઊભી થઈ છે. જયારે ડેલ્ટા, મોઈલ, તાતા સ્ટીલ, ઈન્ટેલીકમાં વેચાણ કંપનીના જોવાય છે. સનટીવી, જેએસપીએલ, જેએસડબલ્યુ સ્ટીલ વિગેરેમાં ભારે પોઝીશન ધરાવે છે.
- ઝોમેટોમાં ૨૩૨૦ના સ્ટોપલોસે ૨૩૬૦-૨૩૭૦ના ટાર્ગેટથી ખરીદી કરીય.
- બાટા ઈન્ડિયા ૧૬૬૫ના સ્ટોપલોસે ૧૬૩૦ થયો. ૧૫૫૦ના ટાર્ગેટથી લેવો.
- પીડીલાઈટ હાલ વધશે.૨૦૫૦ના સ્ટોપલોસે ૨૦૦૯ અને ૧૯૨૦ના સ્ટોપલોસે વેચો.
- ટેલીકોમ ક્ષેત્રને મળેલ પ્રોત્સાહનોએ પાયો ભારતી એરટેલ તથા તાતા ટેલીના શેરમાં ૨૫ ટકાની અપસાઈડ જોવા મળે.
- એલજી હક્વીપમેન્ટનો શેર છેલ્લા પાંચ સપ્તાહમાં ૫૪ ટકા વધવા પામેલ છે.
- બીએમઆ આઈટી ઈન્ડેક્સ જૂન મહિનામાં અત્યાર સુધીમાં ૧૧ ટકા ઘટ્યો છે. ટીસીએસ-ઈન્ફોસીસ - વિપ્રો વિગેરે શ્ર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ જોવાયા છે.
- બોન્ડ સીલ્ડમાં તીવ્ર શરૂઆતને પગલે વિશ્વના શેરબજારોમાં (ભારત સહિત) હજુ વધુ કડાકા જોવાય તો નવાઈ નથી.
- ભારતીય શેરબજાર ૫૦૯૨૧ની ૫૨ સપ્તાહની નીચી સપાટીનો જોવાયો છે. નિફ્ટી-૫૦ના ૩૦ શેરોમાંથી ૧૩ શેરોએ શુક્રવારે કામકાજના પ્રથન એક કલાકમાં તેના એક બંધ નીચા ભાવો બતાવેલ છે. બ્રોકરોના મતે હજુ આગામી દિવસોમાં મંદીની ચાલ વધઘટે યથાવત રહે તોનવાઈ નથી.
- બજારોના જાણકારોને મતે એમડીએક્સ, એચપીએલ ટેક, એચડાએફસી બેંક, એનટીપીસી, આટીસી, ટેક મહેન્દ્ર સનફાર્મા, વિગેરે અગ્રણી શેરોમાં કોન્સાલીડેશનમાં ઘટાડે આવતં ધ્યાન રાખવું.
- ભારતીય શેરબજારમાં વિતેલ સપ્તાહ છેલ્લા ૨ વર્ષનું સૌથી ખરાબ સપ્તાહ નીવડશે. છેલ્લા ૬ દિવસમાં ઈન્વેસ્ટરોની સંપત્તિમાં ૧૪ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થયેલ છે. ગત એક જ સમયમાં સેન્સેક્સ ૫.૧૯ ટકા અને નિફ્ટી ૫.૩૬ ટકા ઘટી. સેન્સેક્સ ૫૧૦૦૦ નજીક અને નિફ્ટી ૧૫૩૦૦ નીચે સપાટી બતાવેલ છે.
- ટીસ્કો શેરનો ભાવ ચાર આંકડા અંદદર ૯૦૦ આસપાસ આવી ગયો છે.

Disclosures as : per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (RESEARCH ANALYSTS) REGULATIONS, 2014:
● I and/ of my clients may have investments in this stock. ● I / my family have no financial interest of beneficial interest of more than 1 % in the company whose stocks i am recommending. ● Stop Loss is useful for short/Medium Term investor only. ● **Bluechip Investment** will Not be Responsible/liable for any Loss arising out of investment based on tis advices. ● Past permormance may or may not be substainedin Furure. (Yogesh K. Shah) Research Analyst : SEBI Regn. No : INH000002723.

# નિસ્તેજ બનેલ પ્રાયમરી માર્કેટ : નવા ઈસ્યુઓની સતત ગેરહાજરી

**પ્રાયમરી માર્કેટની ખાટી-મીઠી**

**પ્રાયમરી માર્કેટમાં હાલ કોમા જેવી સ્થિતિ સર્જાઈ છે અને નવા સપ્તાહમાં મેઈનબોર્ડ કે એસએમઈ પ્લેટફોર્મ ઉપર એકપણ ઈસ્યુની એન્ટ્રી નથી. વિશ્વના શેરબજારો સહિત ભારતીય શેરબજારમાં મંદીની સુનામીને પગલે રોકાણકારો દૂર થઈ જતાં અને પ્રમોટરો પણ વર્તમાન સંજોગોમાં ઈસ્યુ લાવવાનું જોખમ ટાળવા ઈસ્યુઓ પાછા ઠેલાઈ રહ્યા છે અને છૂટા પડયાના ઈસ્યુઓ આગામી દિવસોમાં આવતા જોવાય. હાલ પ્રાયમરી માર્કેટ નિસ્તેજ બની રહ્યું છે.**

## છેલ્લા એક વર્ષમાં SIPમાં સૌથી ઓછા રોકાણકારો મે મહિનામાં રોકાણકારોના ૧૦ લાખ જેટલા સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન ફોલિયો બંધ થયા

મોંઘવારી અને આર્થિક મંદીના ભણકારાની અસર હવે બચત પર પણ થઈ રહી છે અને તેની અસરે મે મહિનામાં નવા સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ)ના નવા ફોલિયોના સંખ્યા ઘટી છે. મે મહિનામા માત્ર ૧૯.૭ લાખ નવા સિપ ફોલિયો ખુલ્યા છે, જે છેલ્લા એક વર્ષમાં સૌથી ઓછા છે. ઉપરાંત મે મહિનામાં ૧૦.૩ લાખ સિપ ફોલિયો બંધ થયા છે. જો કે તે છેલ્લા ચાર મહિનામાં સૌથી ઓછી સંખ્યા છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આંકડા મુજબ છેલ્લા પાંચ મહિનાના ૨૩ લાખની તુલનાએ મે મહિનામાં લગભગ ૧૫ ટકા ઓછા નવા સિપ એકાઉન્ટ ખુલ્યા છે. જૂન ૨૦૨૧થી નવા સિપ ફોલિયોની નોંધણી દર મહિને ૨૦ લાખથી વધારે હતી.બજાર જાણકારોનું કહેવુ છે કે, નવા ફોલિયોની સંખ્યામાં ઘટાડો રોકાણકારોની સાવચેતી અને શેરબજારમાં આવેલા ઘટાડાથી ખરડાયેલુ સેન્ટિમેન્ટ હોઈ શકે છે. વધતી મોંઘવારી, યુક્રેન- રશિયા યુદ્ધ, વ્યાજદદરોમાં વૃદ્ધિની ચિંતાઓના લીધે હાલ શેરબજારમાં મોટી અફરાતરફી જોવા મળી રહી છે. અલબત્ત સપ્ટેમ્બર ૨૦૨૧થી સિપ મારફતે મૂડીપ્રવાહ સતત વધી રહ્યો છે. મે મહિનામાં સિપમાં રૂ. ૧૨,૨૮૬ કરોડનું રોકાણ આવ્યુ છે જે એપ્રિલમાં રૂ. ૧૧,૮૬૩ કરોડ હતુ. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં રૂ. ૧.૨૪ લાખ કરોડનું રોકાણ આવ્યુ હતુ જ્યારે તેની અગાઉના નાણાંકીય વર્ષે આ આંકડો રૂ. ૯૬,૦૮૦ કરોડ હતો.

## ૨૦૨૧-૨૨માં ૧૦ તબક્કામાં એસજીબી ઈશ્યૂ થયા ગોલ્ડ બોન્ડ ૨૦૨૨-૨૩નો પ્રથમ તબક્કો ૨૦ જૂને

આરબીઆઈ દ્વારા જારી ચાલુ નાણાકીય વર્ષનો ૨૦૨૨-૨૩ માટે સોવરિન ગોલ્ડ બોન્ડને પ્રથમ તબક્કો ૨૦ જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે. ગોલ્ડ બોન્ડમાં સબસ્ક્રિપ્શન પાંચ દિવસ સુધી જારી રહેશે. સિરિઝ ૨નો બીજો તબક્કો ૨૨થી ૨૬ ઓગસ્ટ દરમિયાન શરૂ થશે. કેન્દ્ર સરકાર વતી જારી આરબીઆઈ ગોલ્ડ બોન્ડ ઈશ્યૂ કરે છે. વ્યક્તિગત, હિંદુ અવિભાજત પરિવારો, ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને ચેરિટેબલ સંસ્થાઓ દ્વારા આ બોન્ડનું વેચાણ થઈ શકે નહીં. એસજીબીના મેચ્યોરિટી પિરિયડ ૮ વર્ષનો રહેશે. જેમાં મા વર્ષ પછી પ્રિ-મેચ્યોર રિડ્મ્શનનો વિકલ્પ મળશે. તેમા મળતું વ્યાજ રિડમ્પશનની જે-તે તારીખે લાગુ દરના આધારે મળવાપાત્ર છે. ટન સોનું (પૂ. રોકાણકાર સોવરિન બોન્ડમાં લઘુત્તમ ગ્રામનું રોકાણ કરી શકશે. -માં ૧૦ તબક્કામાં ૧૨૯૯૧ કરોડ)ના એસજીબી ઈશ્યૂ થયાં હતા.

વ્યક્તિગત અને એચયુએફ રોકાણકાર માટે મહત્તમ રોકાણ મર્યાદા ૪ કિગ્રા જ્યારે ટ્રસ્ટ અને અન્ય નાણાકીય સસ્થા માટે ૨૦ કિગ્રા છે. ઈશ્યૂ પ્રાઈઝ ૨૦ જૂન પહેલાના ત્રણ દિવસના સોનાના બંધ ભાવની સરેરાશના આધારે નિર્ધારિત કરવામાં આવશે. ઓનલાઈન માધ્યમ દ્વારા સબસ્ક્રિપ્શન કરનારને ગ્રામદીઠ ડિસ્કાઉન્ટ મળશે.

## એલ.આઈ.સી ના શેરમા લિસ્ટિંગ પછી એશિયામાં બીજા ક્રમનું સૌથી મોટું ૧૭ અબજ ડોલરનું ધોવાણ

એલ.આઈ.સીનો શેર માર્કેટમાં આવેલી મંદીની ઝપટમાં બરાબરનો આવી ગયો એલ.આઈ.સી ના શેરનું તાજેતરમાં જ લિસ્ટિંગ થયું અને ગણતરીના દિવસોમાં જ તેના શેરમાં ૧૭ અબજ ડોલરનું ભયાનક ધોવાણ થઈ ગયું આ રીતે માત્ર ભારતમાં જ નહીં સમગ્ર એશિયામાં આઈપીઓ બાદ સૌથી વધુ ધોવાણ થયું હોય તેવા શેરોની યાદીમાં એલ.આઈ.સી નું નામ આવી ગયું છે

એલ.આઈ.સી ના શેનું ૧૭ મેના રોજ લિસ્ટિંગ થયું હતું અને એક મહિનામાં પણ ઓછા સમયમાં તેના શેરમા ૨૯ ટકા નું ધોવાણ થઈ ગયું છે બીએસઈ પર સોમવારે તેનો શેર ૫.૮૫ ટકા ઘટીને રૂપિયા ૬૬૮.૨૦ પર બંધ રહ્યો હતો ઈન્ટ્રાડે તે ૬ ટકા તૂટીને રૂપિયા ૬૬૬.૯૦ સુધી ગયો હતો

બ્લુમબર્ગના ડેટા અનુસાર લિસ્ટિંગ પછી માર્કેટ કેમ્પમાં ધોવાના આ મામલે તે સમગ્ર એશિયામાં બીજા ક્રમે આવી ગયો છે સાઉથ કોરિયાની એલજી એનર્જી સોલ્યુશન લિમિટેડના શેરમા લિસ્ટિંગ પછીથી ૩૦ ટકાથી વધુ ધોવાણ થયું છે અને એ આ આ મામલે પ્રથમ ક્રમે છે એલ.આઈ.સી શેર સોમવારે સતત દસમા દિવસે ઘટીને બંધ રહ્યો હતો. ૧૦ દિવસમાં જ તે ૨૦.૧૭ ટકા તુટ્યો છે સોમવારે એક્કર ઈન્વેસ્ટર્સ ના માટે ફરજિયાત લોકઈન પિરિયડ પૂરો થઈ રહ્યો હતો જેના કારણે વેચાણનું દબાણ સ્વાભાવિક હતું. એલ.આઈ.સી ના આઈપીઓ ઓલમોસ્ટ ૩ ગણો ભરાયો હતો

એલ.આઈ.સી ના આઈપીઓ પછી તેના સૌપ્રથમ પરિણામ પણ નબળા રહ્યા હતા જેને કારણે તેના શેરમા ઘટાડો ચાલુ રહ્યો હતો પડતા પર પાટું મારતા હોય તેમ માર્કેટની સમગ્ર સ્થિતિ પણ વણસી ગઈ જેની ઝપેટમાં આ તે પણ આવી ગયો હતો બ્રોકરેજ પ્રોફિટમાર્ટ સિક્યુરિટીના રિસર્ચ હેડ અવિનાશ ગોરક્ષાકરે કહ્યું હતું કે આગામી સમય પણ એલ.આઈ.સી માટે પીડાદાયક રહેવાની સંભાવના છે તેમણે કહ્યું હતું કે એલ.આઈ.સી ના મેનેજમેન્ટનું રોકાણકારો સાથેનું કોમ્યુનિકેશન ગૂંચવણભર્યું છે એમને પરિણામ પછી એનાલિસિસ કોલ પણ યોજોયું નથી કંપની ગ્રોથ માટે કેવું આયોજન કરી રહી છે અને તેની શું સ્ટેટજી છે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી

એલ.આઈ.સી મંદીના ડરથી ગત નાણાકીય વર્ષમાં ફેબ્રુઆરી માર્ચમાં આઈપીઓ લાવવાનો વિચાર પડતો મૂકયો હતો પરંતુ નવા વર્ષમાં પણ મંદી તેનો પીછો કર્યો ફુગાવાની ચિંતા વધવાથી આરબીઆઈએ વ્યાજ દર વધારવા અને વૈશ્વિક સ્તરે પણ ફુગાવો રેકોર્ડ સ્તરે રહેવાને કારણે ઈક્વિટી માર્કેટમાં ભારે ધોવાણ થયું છે બેન્ચમાર્ક ઈન્ડેક્સ આ વર્ષે ૯ ટકાથી વધુ ઘટ્યો છે

## ૨૦૨૨માં રાકેશ જુનજુનવાલાએ કયા શેરો વેચ્યા

૨૦૨૨ના વર્ષમાં એમીફન્ટ ઈન્વેસ્ટર તરીકે ઓળખાતા રાકેશ જુનજુનવાલાએ ૨૦૨૨ના વર્ષમાં ડેલ્ટાકોર્પ, ટાઈટન, એસ્કોર્ટ, લ્યુપીન, સેઈલ, વોકહાર્ટ, ટીવી ૧૮ જેવા શેરોમાં ૫.૫૩ ટકા હતું તે ઘટાડીને ૫.૦૫ ટકા થયું છે. ૧૪ જૂને ડેલ્ટાકોર્પના ૭૫ લાખ શેર વચ્યા છે. આ સ્ટોક ૭.૪૮ ટકાથી ઘટી ૩.૩૬ ટકા થયો છે. આ સ્ટોકમાં ૨ વર્ષમાં સ્ટોક ૭.૪૨ ટકાથી ઘટી ૧.૩૮ ટકા થયેલ છે. લુપીન, સેઈલમાં પણ ૧ ટકા સ્ટોક વેચ્યો છે.

- બજાજ ઓટોમાં બાયબેકનો નિર્ણય મુલતવી રાખતાં હાલમાં ૬.૫ ટકાને ઘટાડો જોવાયો છે.
- નિફ્ટી ૫૦ના ૮ શેરોમાં છેલ્લા ૮ મહિનામાં ૧૩ લાખ કરોડની મૂડીનું ધોવાણ્ુણ પામેલ છે.
- ઓઓનજીસી, હિંદાલ્કો, ટેક મહેન્દ્ર, વિપ્રો, ઈન્ડસુ બેક્ર, અને તાતા સ્ટીલના શેરોમાં વિતેવા સપ્તાહમાં ૧૧ ટકાનો ઘટાડો જોવાયો છે.
- મેટલ ૯.૫ ટકા મિડકેપ ૬ ટકા ઘટવા પામેલ છે.
- ડેલ્ટાકોર્પમાં કંપનીની સબસીડીયરી કંપનીએ આઈપીઓ ડ્રાફ્ટ પ્રોસ્પેકટસ ફાઈલ કરતાં ૧૪ ટકાનો ઉછાળો બજારમાં જોવાયો છે.
- વિજય શેખર શર્માએ પેટેમના ૧૧ કરોડના શેરો ખરીદી હોવાના હેવાલો છે.
- સેન્સેક્સ ૨૦૦ દિવસની મુંવીંગ એવરેજ નીચે છે. ને હજુ વધુ ઘટાડાના સંકેત આપે છે.

## શેરબજારમાં શું કરાય?

**દિપક બચુભાઈ શાહ**

**સેન્સેક્સ ૫૨૨૮૦** ઉપર બંધ આવે તો જ નવી તેજી કરવી. નીચામાં ૫૦૯૦૦ તૂટતાં ૪૯૮૦૦ જોવાય.

**નિફ્ટી ફયુચર્સ** ૧૫૧૫૦ મુખ્ય સપોર્ટ છે. ઉપરમાં ૧૫૫૪૦ ઉપર જ નવી તેજી કરવી. ૧ ૫૧૫૦ નીચે ૧૪૭૮૦ બતાવે. ૧૫૫૪૦ ઉપર ૧૫૮૫૦ બતાવે.

**બેંક નિફ્ટી ફયુચર** ૩૨૬૦૦ના સ્ટોપલોસે જાળવો. ઉપરમાં ૩૩૫૦૦ બતાવે. ૩૨૬૦૦ નીચે પેનિક સેલ થકી ૩૧૦૦૦ બતાવે.**ઈન્ફોસિસ ૧૩૬૦** નજીક લેવું. ૧૪૫૦ બતાવે.

**ટીસીએસ ૩૦૩૦ના** સ્ટોપલોસે લેવું. ૩૨૮૦ ભાવ બતાવે.

**વિપ્રો ૩૯૮ના** સ્ટોપલોસે લેવું.૪૪૮ બતાવે.

**એચસીએલ ટેક** ૯૨૦ના સ્ટોપલોસે લેવું. ૯૯૦ જોવાય.

**ટેક મહિન્દ્ર** ૯૪૦ના સ્ટોપલોસે લેવું. ૧૦૧૦ જોવાય.

**રિલાયન્સ ઈન્ડ** ૨૫૫૦ના સ્ટોપલોસે લેવું. ૨૭૨૦ બતાવે.

**એલએન્ડ ટી** ૧૪૭૦ના સ્ટોલોસે લેવું. ૧૫૬૦ બતાવે.

**બીઈએલ ૨૩૦ના** સ્ટોપલોસે ખરીદો. ૨૪૮ બતાવે.

**ભેલ** ૪૨. ૫૦ નજીક લેવું. ૫૦નો ભાવ આવે.

**તાતા સ્ટીલ** ૮૯૫ના સ્ટોપલોસે લેવું. ૯૮૦ જોવાય.

**વેદાંતા ૨૬૦** નજીક લેવું. ૩૧૦ બતાવે.

**જેએસડબલ્યુ સ્ટીલ** ૫૩૦ના ટેકાએ ખરીદો. ઉપરમાં ૫૮૦ જોવાય.

**જેએસપીએલ ૩૨૫ના** સ્ટોપલોસે લેવું. ૩૬૦ બતાવે.

**હિંદાલકો ૩૨૦** નજીક લેવું. ૩૬૫ ભાવ બતાવે.

**તાતા મોટર્સ** ૩૭૫ના સ્ટોપલોસે લેવું. ૪૧૦ બતાવે.

**મહિન્દ્ર-મહિન્દ્ર ૯૮૦ના** સ્ટોપલોસે લેવું. ૧૦૨૦ બતાવે.

**મારુતિ ૭૫૫૦ના** સ્ટોપલોસે ખરીદો. ૭૯૫૦ બતાવે.

**આઈશર મોટર્સ** ૨૫૫૦ના સ્ટોપલોસે લેવું. ૨૭૦૦ બતાવે.

**ટીવીએસ મોટર** ૭૨૦ના ટેકાએ લેવું. ૭૬૦ બતાવે.

**સ્ટેટ બેંક** ૪૩૦ના સ્ટોપલોસે લેવું. ૪૭૦ બતાવે.

**આઈસીઆઈસીઆઈ બેંક** ૬૬૦ના સ્ટોપલોસે લેવું. ૭૧૦ બતાવે.

**એકસીસ બેંક** ૬૨૫ના સ્ટોપલોસે લેવું. ૬૮૦ બતાવે.

**એચડીએફસી બેંક** ૧૨૬૦ના ટેકાએ ખરીદો. ૧૩૫૦ બતાવે.

**એચડીએફસી ૨૦૨૦ના** સ્ટોપલોસે લેવું. ૨૧૫૦ બતાવે.

**ફેડરલ બેંક** ૮૫ના સ્ટોપલોસે લેવું. ૯૨ બ તાવે.

**બેંક ઓફ બરોડા** ૯૨ના સ્ટોપલોસે લેવું. ૧૦૫ જોવાય.

**ઈન્ડસન્ડ બેંક** ૮૧૦ નજીક લેવું. ૮૮૦ જોવાય.

**સનફાર્મા ૭૮૦** નજીક લેવું. ૮૨૫ બતાવે.

**સિપ્લા ૯૧૦** નજીક લેવું. ૯૯૫ બતાવે. **અદાણી એન્ટરપ્રાઈસ** ૨૦૬૦ના સ્ટોપલોસે લેવું. ૨૨૫૦ બતાવે.

**અદાણી પોર્ટ** ૬૬૦ નજીક લેવું. ૭૧૦ બતાવે. **એનટીપીસી ૧૪૮ના** સ્ટોપલોસે લેવું. ૧૬૦ બતાવે. **તાતા પાવર** ૨૦૫ના સ્ટોપલોસે લેવું. ૨૩૦ બતાવે. **સનટીવી ૪૧૫ના** સ્ટોપલોસે લેવું. ૪૬૦ બતાવે.

Issue No. 34 | Ahmedabad, 20 to 26 June 2022
દેશનું નં.૧ અને સૌપ્રથમ ગુજરાતી આર્થિક સાપ્તાહિક

હાઈ રિસ્ક હાઈ રિટર્ન અનુસંધાન પાના નં. ૪નું ચાલુ... ઉપર

કારણ કે તે ગ્રાહકોની આવશ્યકતાઓને આધારે કસ્ટમાઇઝ કરવામાં આવે છે, પરિણામે અન્ય કોમોડિટી ઉત્પાદનો કરતાં ઉચ્ચ અને વધુ સ્થિર અનુભૂતિ થાય છે.કંપની ભારતીય વાયર અને વાયર રોપ સ્પેસમાં માર્કેટ લીડર છે અને વૈશ્વિક સ્તરે ટોચના ૫ અગ્રણી ઉત્પાદકોમાં સામેલ છે.તે વિશ્વમાં વાયર રોપ્સ ની વિશાળ શ્રેણીમાંની એક ઓફર કરે છે.કંપનીના ઉત્પાદનો વિવિધ બિન-સંબંધિત અંતિમ-વપરાશકર્તા ઉદ્યોગોને પૂરી પાડે છે જેમ કે. એલિવેટર્સ, ખાણકામ, કન્ટેનર પોર્ટ ક્રેન્સ, માછીમારી વગેરે. હાલમાં, કંપની ભારત, થાઈલેન્ડ, યુએઈ અને યુકેમાં સ્થિત ૫ ઉત્પાદન સુવિધાઓની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે જે વાયર અને વાયર દોરડાના ઉત્પાદન સાથે સંકળાયેલા છે. તેની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા ૩૦૦૦૦૦ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. તે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ૨ કેબલ્સ લિમિટેડ દ્વારા ભારતમાં સિલ્વાસામાં ટેલિકોમ કેબલ ઉત્પાદન સુવિધાની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૭૬૭ કરોડના વેચાણ સામે ૧૦૯ કરોડ નો નફો નોંધાવ્યો છે. OPM 14% જેવા રહ્યા હતા. શેરદીઠ ૯.૫૬ ની કમાણી સાથે ૧૨ ના પીઈ પર કામકાજ કરી રહી છે. ૫૫ ની બુકવૅલ્યુ છે અને ૧૬૬૩ કરોડ ના રિઝર્વભંડોળ ધરાવે છે.કુલ ઈક્વિટીમાં ૪૯.૨૬% પ્રમોટર્સ, ૮.૭૪% FIIDII તથા ૪૨% હિસ્સો પબ્લિક ધરાવે છે. કંપની ના શેરનો ભાવ છેલ્લા ૧ વર્ષમાં ૯૦% જેટલો વધ્યો છે.કંપની આવનારા સમયમાં ઉત્કૃષ્ટ પરિણમયો દાખવી શકે છે.૧૩૦-૩૫ ના લક્ષ્યાંક સાથે ચાલુ ભાવે ખરીદી કરી શકાય.

**૬) ટોક્યો પ્લાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ (500418 / TOKYOPLAST)**

રૂ.૧૦ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૮૫.૧૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉપરમાં ૧૩૧ અને નીચામાં ૭૫.૪ ના ભાવ જોવાયા છે. કંપની પ્લાસ્ટિક થર્મોવેર ઉત્પાદનોના ઉત્પાદનના વ્યવસાયમાં રોકાયેલ છે.કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વિવિધ પ્રકારના પ્લાસ્ટિક ઈન્સ્યુલેટેડ વેરનો સમાવેશ થાય છે જેમ કે ઈન્સ્યુલેટેડ વોટર જગ, આઈસ કૂલર ચેસ્ટ, આઉટડોર આઈસ-બોક્સ, ફૂડ વોર્મર, હોટ ફૂડ કન્ટેનર, સ્ક્વેર કેસરોલ્સ વગેરે.કંપની તેની મોટાભાગની આવક ૭૫ દેશોમાં નિકાસ હાજરી સાથેની નિકાસમાંથી મેળવે છે.ઓસ્ટ્રેલિયા અને જર્મની માં સારી પકડ ધરાવે છે.કંપની કંડલા (ગુજરાત) અને દમણ (દમણ અને દીવ)માં ૨ ઉત્પાદન સુવિધાઓની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે.માર્ચ ત્રિમાસિકગાળામાં ૨૦.૮૩ કરોડ ના વેચાણ સામે ૮૩ લાખનું નુકસાન નોંધાવ્યું હતું. ૬૧.૨ ની બુકવૅલ્યુ ધરાવે છે અને ૪૮.૭ કરીદ જેટલા રિઝર્વભંડોળ છે. કંપની ના શેર હાલમાં કોન્સોલિડેશન ફેઝ માં છે ૯૦ ની ઉપર બોક્સ બ્રેકઆઉટ આવી શકે છે અને ૧૦૫-૧૦૮ ના ભાવ જોઈ શકાય.ઊંચા જોખમે ખરીદી કરી શકાય.

**૭) રીટા ફાઇનાન્સ & લીઝિંગ લિમિટેડ ( ૫૪૩૨૫૬ )**

રૂ.૧૦ની ફેસવૅલ્યુ ધરાવતી આ કંપની ના શેરનો ભાવ ૨૩.૮ આસપાસ છે.૫૨ સપ્તાહમાં ઉપરમાં ૩૧.૪૦ અને નીચામાં ૧૦ ના ભાવ જોવાયા છે.કંપની **NBFC** તરીકે કાર્યરત છે અને ફાઈનાન્સ ને લગતી ગતિવિધિ સાથે સંકળાયેલી છે.કંપની ની કુલ ઈક્વિટીમાં ૭૧.૭% પ્રમોટર્સ, ૨૮.૨૬% હિસ્સો પબ્લિક ધરાવે છે.૪.૭૬ કરોડ જેટલા રિઝર્વભંડોળ ધરાવે છે.શેરદીઠ ૧.૧૭ ની કમાણી સાથે ૨૧.૬ ના પીઈ પર કામકાજ કરી રહી છે.કંપની ના શેરમાં છેલ્લા કેટલાક સમયમાં મોટા વોલ્યૂમે તેજી જોવાઈ રહી છે અને મોટી બલ્ક ડિલ્સ પણ જોવા મળેલ છે.છેલ્લા સપ્તાહમાં શેરના ભાવમાં ૧૨.૮% અને મહિના માં ૩૦.૫૧% વધારો જોવાયો છે.આ શેરમાં સટ્ટાકીય તોફાનો જોઈ શકાય છે જેની વચ્ચે ૩૮-૪૦ ના ભાવ દેખાડી શકે.

## અમેરિકન માર્કેટ રેકોર્ડ હાઈથી ૩૦ ટકા સુધી નીચે આવશે શેરબજારમાં મંદી આગળ વધશે, નિફ્ટી ૧૪,૦૦૦ને સ્પર્શશે : વુડ્સ

ભારતીય શેરબજારમાં સોમવારે ૧૪૫૬ પોઈન્ટનો કડાકો બોલાતા હાહાકાર મચી ગયો હતો અને આગામી દિવસોમાં મંદી આગળ વધશે તેવી અટકળો છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેફરીઝના ઈક્વિટી હેડ ક્રિસ્ટોફર વુડ્સે બેન્ચમાર્ક નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ ૧૪,૫૦૦૦ અને ત્યારબાદ ૧૪,૦૦૦ સુધી તૂટવાની આગાહી કરી છે.

સોમવારે બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ટ્રા-ડે ૧૫,૬૮૪ની નીચી સપાટીને સ્પર્શી કામકાજના અંતે ૪૨૭ પોઈન્ટ તૂટીને ૧૫,૭૭૪ના સ્તરે બંધ થયો હતો. આમ વુડ્સની આગાહીને ધ્યાનમાં લઈયે તો હાલના સ્તરેથી નિફ્ટીમાં હજી ૧૭૦૦ પોઈન્ટનો ઘટાડો આવી શકે છે.

ક્રિપ્ટોફર વુડ્સે એક ઈન્ટરવ્યૂહમાં જણાવ્યુ કે, આ એક સામાન્ય અનુમાન છે, જો ભારતીય શેરબજારમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો મૂડી ઠાલવવાનું ચાલુ રાખશે તો સ્થિતિ અલગ હોઈ શકે છે. અમેરિકા વિશે તેમણે કહ્યુ કે, જો ચાલુ કેલેન્ડર વર્ષના ચોથા ત્રિમાસિકમાં તેના અર્થતંત્રમાં સ્લોડાઉનના નક્કર સંકેતો ન દેખાય તો તેમને આશ્ચર્ય થશે.

ફેડરલ રિઝર્વ એર બાજુ મોનેટરી પોલિસી આકરી બનાવી રહી છે તો બીજી બાજુ બેલેન્સ શીટ ઘટાડી રહી છે. જ્યાં સુધી આ બંને ઘટનાઓ ચાલુ રહેશે ત્યાં સુધી અમેરિકન શેરબજારમાં નબળાઇ રહેશે. જો અમેરિકન શેરબજાર તેની ઉંચી સપાટીથી ૩૦ ટકા સુધી નીચે આવી જાય તો નવાઇ પામવુ નહીં.તેમણે ઉમેર્યુ કે, ૧૦ વર્ષ કરતા વધારે સમયથી અમેરિકન શેરબજારમાં ઈટીએફ મારફતે મોટું રોકાણ આવ્યુ છે. તેમાંથી મોટાભાગના ફંડ એસએન્ડપી સાથે જોડાયેલા છે. ચાલુ વર્ષની શરૂઆતમાં એસએન્ડપીથી લિંક્ડ ઈટીએફમાં એક લાખ કરોડ ડોલરનું રોકાણ થયુ છે. જો હવે તેમાંથી આઉટફ્લો જોવા મળે તો તે મોટા કરેક્શનનો સંકેત હોઈ શકે છે.

## S&P 500 ઈન્ડેક્સ સત્તાવાર રીતે મંદીમાં : - ૨૦૦૭-૨૦૦૯ની આર્થિક મંદી વેળાએ એસએન્ડપી ૫૦૦ ઈન્ડેકસ ૫૭ ટકા તૂટી ગયો હતો

વર્તમાન સપ્તાહનો પ્રારંભ અમેરિકન શેરબજારો માટે નબળો શરૃ થયો હતો અને સોમવારે બેન્ચમાર્ક એસએન્ડપી ૫૦૦ ઘટીને એવા સ્તરે પહોંચી ગયો હતો જેને મંદીની બજાર તરીકે ગણાવી શકાય એમ છે. વધી રહેલા વ્યાજ દરો, ચીનના અર્થતંત્રમાં નરમાઈ, ઊંચો ફુગાવો તથા રશિયા-યુક્રેન યુદ્ધે રોકાણકારોને કયા ક્ષેત્રના સ્ટોકસમાં કેટલું રોકાણ કરવાનું લાભકારક બની રહેશે તે તરફ વિચારવાની ફરજ પાડી દીધી છે. અમેરિકન ફેડરલ રિઝર્વના પ્રોત્સાહક પગલાંને કારણે તાજેતરના વર્ષોમાં શેરબજારોની ચાલ સુધારાની દિશામાં જ રહી હતી. જો કે ક્રિપ્ટોકરન્સીઝ જેવી જોખમી એસેટસમાં તાજેતરમાં બોલાઈ ગયેલા કડાકાએ પણ માનસ ખરડાવી નાખ્યું છે. બજાર મંદીમાં ધકેલાઈ ગયાનું વોલ સ્ટ્રીટ દ્વારા ત્યારે ગણવામાં આવે છે, જ્યારે, એસએન્ડપી ૫૦૦, ડાઉ જોન્સ જેવા ઈન્ડેક્સ અથવા સ્ટોક્સ તેની નજીકના ભૂતકાળની ઊંચી સપાટીએથી લાંબો સમય સુધી વીસ ટકા અથવા તેનાથી નીચા ભાવે બોલાતા રહે, એમ વિશ્લેષકે જણાવ્યું હતું. અમેરિકન શેરબજારના બેન્ચમાર્ક ઈન્ડેક્સ એસએન્ડપી ૫૦૦ સોમવારે ૩.૯૦ ટકા તૂટી ગયો હતો અને વર્તમાન વર્ષના પ્રારંભમાં વિક્રમી સપાટીએથી તે હાલમાં ૨૧.૮૦ ટકા નીચે ટ્રેડ થઈ રહ્યો છે. ડાઉ જોન્સ ૨.૮૦ ટકા જ્યારે નેસ્ડેક કમ્પોઝિટ સોમવારે ૪.૭૦ ટકા ઘટયો હતો.

ટેક હેવી નેસ્ડેક આ અગાઉથી જ મંદીમાં સરકી ગયાનો મત પ્રવર્તી રહ્યો છે.

### મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદનું ગૌરવ સંજય શાહ (ઉનાવા)નું અમેરિકામાં સન્માન



ઉનાવા (જિ. મહેસાણા) ના વતની અને અમેરિકા સ્થિત સંજયભાઈ નટવરલાલ (જયંતીલાલ) શાહને, તેમની સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યેની નિ:સ્વાર્થ સેવા માટે અમેરિકાના પ્રેસિડેન્સીયલ એવોર્ડ લાઈફટાઈમ એચિવમેન્ટથી સન્માનિત કરાયા છે. તેમને અમેરિકાના પ્રમુખ જોસેફ બાઈડેન દ્વારા આ એવોર્ડ એનાયત થયો છે. એક ભારતીય વ્યક્તિને આ રીતે સન્માન મળે એ તેમની જ્ઞાતિ શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જાતિ શ્રી મહેસાણા પ્રાંત જૈન શ્રીમાળી જાતિ (અમદાવાદ) સમાજનું સમગ્ર ભારત દેશનું પણ ગૌરવ છે.

# નિફ્ટી @ ઓવરસોલ્ડ ૧૫૩૫૯ – ૧૫૪૧૭ ઉપર રીલીફ રેલી નકારી શકાય નહિ

વીતેલાં સપ્તાહ દરમિયાન ભારતીય મૂડીબજારમાં વેચવાલીનું તાંડવ જોવાં મળ્યું. અમેરિકામાં મોંઘવારીનો આંક ૪૦ વર્ષની ઉચ્ચતમ્ સ્તરે પહોચતાં અને તેને કાબુમાં લાવવા માટે અમેરિકાની ફેડરલ બેંક દ્વારા ૦.૭૫% વ્યાજ દરોમાં વધારો કરતાં અમેરિકા તેમજ વૈશ્વિક સ્તરે મૂડીબજારમાં વેચવાલીનું તાંડવ જોવાં મળ્યું હતું. વધુમાં ડોલર સામે રૂપિયાની નબળાઈ અને ક્રુડ ઓઈલનાં ભાવોમાં વધારો આગમાં ઘી નાખવાનું કામ કર્યું હતું.




શેરબજાર
નીતિશ કમલેશ ઘીવાળા
રીસર્ચ એનાલીસ્ટ
સાઉથ ગુજરાત શેર્સ & શેરબ્રોકર્સ લિ.
(www.SGSSL.co.in ) 94268 69414


વીતેલાં સપ્તાહનાં અંકમાં સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું હતું કે ૧૬૧૩૨ – ૧૬૦૧૯ મેજર સપોર્ટ ઝોન ગણાય જે તૂટયાં બાદ પેનિક સેલ ઓફ નું તાંડવ જોવાં મળી શકે છે. વીતેલાં સપ્તાહની શરૂઆત ગેપ ડાઉન થઇ હતી. સપ્તાહની શરૂઆતમાં નિફ્ટી સપોર્ટ ઝોન ૧૬૧૩૨ – ૧૬૦૧૬ ટ્રેડ થતાં પેનિક સેલિંગનું તાંડવ જોવાં મળ્યું હતું. સપ્તાહની શરૂઆતમાં નિફ્ટી ૧૫૮૮૬ સાપ્તાહિક સર્વોચ્ચ સપાટી બનાવી વેચવાલી નાં દબાણ સાથે વીતેલાં સપ્તાહનાં અંકમાં લખવામાં આવેલ ટાર્ગેટ લેવલ ૧૫૨૪૧ એચીવ થતાં નિફ્ટી ૧૫૧૮૩ ની સાપ્તાહિક બોટમ બનાવી ૧૫૨૯૩ આસપાસ બંધ જોવાં મળ્યું હતું. આમ સપ્તાહ દરમિયાન નિફ્ટીમાં ૫.૬૧% નો ચોક્ખો ઘટાડો જોવાં મળ્યો હતો. જે વર્ષ ૨૦૨૨ નો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો જોવાં મળ્યો હતો.

ચાર્ટની દ્રષ્ટીએ જોતાં ૧૬૭૯૪ નો ટોપ બનાવ્યાં બાદ ૧૫૧૮૩ સુધીનો ઘટાડો જોવાં મળ્યો હતો. લગભગ ૧૬૧૧ પોઈન્ટનાં ઘટાડા બાદ નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર હાઈલી ઓવરસોલ્ડ ઝોનમાં ટ્રેડીંગ કરી રહી છે. નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર લોઅર ટોપ લોઅર બોટમ ફોર્મેશન કરી રહી છે અને વીતેલાં સપ્તાહ દરમિયાન નિફ્ટી માર્ચ – ૨૦૨૨ બોટમ તોડી તે બોટમની નીચે બંધ આપવામાં સફળતા મળી છે. જે મંદીનાં સંકેત બતાવે છે. ચાર્ટ પેટર્નની વાત કરીએતો નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર કપ વિથ હેન્ડલ પેટર્ન ફોર્મેશન જોવાં મળ્યું છે. આ કપ વિથ હેન્ડલ પેટર્ન નો હેન્ડલનો ટાર્ગેટ ૧૪૬૭૭ જયારે કપ નો ટાર્ગેટ ૧૩૩૫૬ આવે છે. જે મીડીયમ ટર્મ દરમિયાન ટાર્ગેટ જોવાં મળી શકે છે.

બાર ચાર્ટ ની વાત કરીએ તો નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર વીતેલાં સપ્તાહ દરમિયાન વીતેલાં દિવસની સર્વોચ્ચ સપાટી કુદાવવામાં સફળતા મળી નથી અને નવાં બોટમ બનાવતું જોવાં મળ્યું છે. જયારે સાપ્તાહિક ચાર્ટ ઉપર ૧૮૧૧૪ ની સરોચ્ચ સપાટી બાદ નિફ્ટી તેના વીતેલાં સપ્તાહની સરોચ્ચ સપાટી કુદાવવામાં અને તેની ઉપર સાપ્તાહિક બંધ આપવામાં સફળતા મળી હતી. પરંતુ સપ્તાહ દરમિયાન ફરી સાપ્તાહિક બોટમની નીચે બંધ આપવામાં સફળતા મળી છે જે શોર્ટ ટર્મ ટ્રેન્ડ દૈનિક – સાપ્તાહિક ચાર્ટ ઉપર મંદી સંકેત બતાવે છે.

જયારે માસિક ચાર્ટની વાત કરે તો ૧૮૬૦૪ ની ઓક્ટોબર માસમાં લાઈફ ટાઈમ હાઈ બનાવ્યાં બાદ નિફ્ટી ઓકટોબર – ૨૦૨૧ માસ બાદ તેના વીતેલાં માસની સર્વોચ્ચ સપાટી કુદાવવામાં સફળતા મળી નથી પરંતુ ઓકટોબર – ૨૦૨૧ થી એપ્રિલ – ૨૦૨૨ સુધી માસિક બોટમ તોડવામાં સફળતા મળતી હતી પરંતુ માસિક બંધ વીતેલાં માસનાં બોટમ કરતાં ઉપર આવતું હતું અને તેથી જ નિફ્ટી ઈક્વીલીબ્રીયમ ઝોનમાં ટ્રેડીંગ કરતી જોવાં મળી હતી. આ પરંપરા મે – ૨૦૨૨ માસ દરમિયાન તોડતું જોવાં મળ્યું હતું. નિફ્ટી ઓકટોબર – ૨૦૨૧ બાદ પ્રથમ વાર વીતેલાં માસની સરોવ્ચ્ય સપાટી કુદાવવામાં સફળતા મળી નથી અને વીતેલાં માસની બોટમની નીચે બંધ આપવામાં સફળતા મળી છે. જે મીડીયમ ટર્મ ટ્રેન્ડ રિવર્સલ ગણી શકાય.

ત્રિમાસિક ચાર્ટ ઉપર પણ માસિક ચાર્ટ જેવી પરંપરા જોવાં મળી રહી છે. નિફ્ટી તેના વીતેલાં ત્રિમાસિક માસની સર્વોચ્ચ સપાટી કુદાવવામાં સફળતા મળી નથી જયારે ત્રિમાસિકની બોટમની નીચે બંધ મળ્યું નહિ. આથી ૧૬૪૧૦ (ઓકટોબર – ડીસેમ્બર -૨૦૨૧ ની બોટમ) અને ૧૫૬૭૧ (જાન્યુઆરી – માર્ચ ૨૦૨૨ની બોટમ) ની નીચે બંધ મળ્યાં બાદ માર્કેટમાં પેનિક વેચવાલી નકારી શકાય નહિ. જે વીતેલાં સપ્તાહ દરમિયાન જોવાં મળ્યું છે પરંતુ જુન માસનું બંધ ૧૫૬૭૧ – ૧૬૪૧૦ ની નીચે મળતાં મીડીયમ ટર્મ ટ્રેન્ડ કન્ફર્મેશન મળશે.

શોર્ટ ટર્મ ટ્રેડીંગ લેવલની વાત કરીએ તો ૧૫૧૪૮ = ૧૫૦૭૫ મેજર સપોર્ટ ઝોન ગણાય. જયારે ઉપરમાં ૧૫૩૫૯ – ૧૫૪૧૭ પ્રતિકારક સપાટી ગણાય. વીતેલાં સપ્તાહ દરમિયાન ભારે વોલેટિલિટી જોવાં મળ્યાં બાદ તેમજ નિફ્ટી ઓવરસોલ્ડ ઝોનમાં ટ્રેડીંગ કરી રહી છે.

અમારું માનવું છે કે નિફ્ટી નીચેમાં સપોર્ટ ઝોન ૧૫૧૪૮ – ૧૫૦૭૫ તોડવામાં સફળતા મળતી નથી અને ઉપરમાં ૧૫૩૫૯ – ૧૫૪૧૭ કુદાવવામાં સફળતા મળે છે તો આવનારાં સપ્તાહ દરમિયાન રીલીફ રેલી નકારી શકાય નહિ. જો નિફ્ટી આવનારાં સપ્તાહ દરમિયાન ૧૫૧૪૮ – ૧૫૦૭૫ સપોર્ટ ઝોન તોડવામાં સફળતા મળતી નથી અને ઉપરમાં ૧૫૩૫૯ – ૧૫૪૧૭ કુદાવવામાં સફળતા મળે છે તો રીલીફ રેલી થકી વધઘટે ઉપરમાં ૧૫૫૭૬ === ૧૫૬૬૧ === ૧૫૯૦૫ નો આંક જોવાં મળી શકે છે.

જયારે જો નિફ્ટી ઉપરમાં ૧૫૩૫૯ – ૧૫૪૧૭ કુદવામાં સફળતા મળતી નથી અને તે પહેલા ૧૫૧૪૮ – ૧૫૦૭૫ સપોર્ટ ઝોન તોડવામાં સફળતા મળે છે તો વધઘટે નીચેમાં ૧૪૮૩૩ === ૧૪૬૫૯ નો આંક જોવાં મળી શકે છે.

**FII-FPI-NNI વિદેશી ફંડો સામે લોકલ ફંડ ચાલુ કેલેન્ડર વર્ષમાં ફોરેન ફંડોની આક્રમક ઘણું ૧૦૫ લાખ કરોડથી વધુ જંગી વેચવાલી થયેલ છ મહિનામાં local ફંડો મૂડમાં, ૧૦૫ લાખ કરોડથી વધુ જંગી વેચવાલી જ્યારે ૬ મહિનામાં લોકલ ફંડો દ્વારા બે લાખ કરોડથી વધુ વિક્રમી રોકાણ**

